1 BHK રેડી ફ્લેટ 99 લાખ
તદ્દન નવી બિલ્ડિંગમાં
Office Wadhwa The Gateway
Sale/Rent Availabe
2 BHK 1.50 cr.
3 BHK 1.90 cr.
ઓબેરોય 3,4 BHK ભાડેથી
તેમજ વેચાણથી મળશે
Deepak Kesaria
9707 777 771

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

Kamlesh
Namkeen! Har Din...
www.namkeenhardin.com

વર્ષ : ૨૭ ● અંક : ૪૩ ● સળંગ અંક : ૧૩૫૯ ● મુંબઈ ● બુધવાર ● તા.૧૩ નવેમ્બર – ૧૯ નવેમ્બર ૨૦૨૪ ● કુલ પાના ૨૪ ● કિંમત રૂ.૫.૦૦



METRO
GROUP

SARASWATI PARADISE

Only 'SETTLE' for the most exclusive

Book your dream home today and experience a lifestyle of comfort and luxury! Saraswati Paradise offers world-class amenities, designed to elevate your everyday living.

Saraswati paradise
MULUND WEST

PREMIUM 2 & 3 BHK HOMES

Zaver Road, Mulund West

+91 88 2890 0009

www.saraswatiparadise.in

Site Address: Saraswati Paradise, at Zaver Road, Mulund West - 400080

uptown ADVISORY

Disclaimer: The plans, specifications, images and other details herein are only indicative and the developers reserve their rights to change any or all of these in the interest of the development. The printed material does not constitute an offer and or contract of any type between the developer and the recipient. Any purchase/lessee of this development shall be governed by the terms and conditions of the agreement for sale/lease entered into between parties and no detail mentioned in this printed material shall in any way govern such transaction.

MahaRERA Registration No.: P51800051636

Click Here

# ક્લાસિફાઈડ્સ

**ખાસ નોંધ**

આ અખબારમાં પ્રગટ થતી કોઈપણ જા.ખ.ના આધારે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે ગુર્જરમાત કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે ગુર્જરમાતના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

– વ્યવસ્થાપક

**ક્લાસિફાઈડ્સ જાહેરાતના દર**

ક્લાસિફાઈડ્સ જાહેરાતના પ્રથમ ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા.૫ તરીકે લેવા આવશે. + ૫% જીએસટી અલગ લેવા આવશે. જાહેરાત સોમવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે.

**જાહેરખબર મોકલાવો - કાર્યાલયમાં આપો**

મુલુંડ ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર
બી-૩, ક્રિષ્ણકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, મુલુંડ(વે).
સંપર્ક : 9322257731
gurjarmat@gmail.com
www.facebook.com gurjarmat
www.gurjarmat.com

## શૈક્ષણિક

**French Classes**

I help you to learn French Language to it's best. Online and offline classes, Weekend Classes too, Acedemic wise classes, Levels exams till A2, Audio visual sessions and oral practice, Library facility available to borrow books. Call : **9821116175** 1163 (1374)

**English Grammar Tuitions Board: ICSE/CBSE**

Std.: 8th, 9th, 10th. Small Batches of 5-7 students Personalized Attention Regular Assessment and Mock Tests Whats App: **8169587673** Mulund West Batches start from 1st June 2024 1163 (1374)

## લગ્ન સંબંધી

**પૂજા મેરેજ બ્યુરો**

**મેળાપથી હસ્તમેળાપ સુધી**

ગુજરાતી, જૈન, કચ્છી, ભાનુશાલી સમાજના યુવક-યુવતીઓ માટે જીવનસાથી મેળવવાનું એકમાત્ર સ્થાન. દીકરીઓ માટે ફ્રી રજીસ્ટ્રેશન સંપર્ક : **88283 52585** કરી તમારા જીવનસાથીની શોધ પૂરી કરો. 1227 (1376)

## મહિલા માટે

**1+1 Free**

બ્રાઈડલ પેકેજ, બ્યુટી પેકેજ, બ્યુટી પાર્લર શીખો, કાન, કાણા પૂરાવો. ઘર બેઠા કરો. **9867094908, 9224751673** 163 (1384)

## ધંધાધારી

**કવર! કવર!! કવર!!!**

ટ્રોલી બેગ, ડાઈનીંગ ટેબલ, L.C.D. વોશીંગ મશીન, હોમ થીયેટર, ઓવન, કોમ્પ્યુટર, સાડી, ડસ્ટ પ્રોટેક્ટ કવર ઈન્ડિયન, ઈમ્પોર્ટેડ ટ્રાન્સપરન્ટમાં **સંપર્ક : ઈલાબેન પંડ્યા - 9224366624** 000 (1404)

**વોશીંગ મશીન રીપેરીંગ**

શું આપનું વોશીંગ મશીન માઈક્રોવેવ ઓવન LCD, LED, T.V., બગડી ગયું છે? બોલાવો પ્રેમલ શાહને ઘરે આવીને રીપેર કરી આપશું. **પ્રેમલ શાહ : 9892020358** 916 (1365)

**પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ**

૪૯ વર્ષથી ઓફીસ ઘર સામાન, કાર, હોમ ટુ હોમ. **9920955291, 98210 70320, 9821543816 લલીતભાઈ ઠક્કર** 031 (1378)

**Jainam Publicity**

પેપરોમાં મરણનોંધ, શ્રધ્ધાંજલિ આપવા દોડાદોડી કરશો નહિં, ફક્ત Whatsapp કરો. **9619160611, 9323804751** 621 (1361)

**RVS Pest Control**

Fast Relief From Termite, Bedbugs, Cockroaches, Rats, General Injection etc. With Full Guarantee. **90048 88384, 98333 31222** 6658 (1363)

## જગ્યા સંબંધી

**Oberoi Enigma**

3 BHK / 4 BHK Unfurnished/Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6698 (1383)

## જગ્યા સંબંધી

**શ્રી એસ્ટેટ એજેન્સી**

ઘર, મકાન, દુકાન, પ્લોટસ લેવા અથવા વેચવા સંપર્ક કરો. **9324017291, 98700 56751** 034 (1379)

**Piramal Revanta Mulund**
**Available**
**2 BHK & 3 BHK**
OC Received
Ready to move in
2 Car Parking each
**9833721371**
**9892045509**

વનબેડ 461 કારપેટ, હાયર ફ્લોર સ્ટેમ્પ ડ્યુટી સાથે 95 લાખ એસ.એલ.રોડ/2 BHK ઝવેર રોડ દેરાસર નજીક 660 કારપેટ 175/3 બેડ બધી જ એમેનીટીસ સાથે 225 સુધી શક્યતા. જે.એન.રોડ તેમજ દેવીદયાલ ક્રોસ રોડ 230 સુધી શક્યતા અને 4 બેડ 4 સુધી શક્યતા/ઈન્ડ. ગાળો 1135. 175-55000 ભાડે લાગેલું ગ્રા.ફ્લોર/582-140 વેચાણથી. તેમજ ભાડે લેવા આપવા પણ ફાયદાથી ઘણા ઓપશન છે. **સંપર્ક : અતુલ કતીરા - 9821180931, 8779441915** 131 (1382)

**Oberoi Eternia**

3 BHK Unfurnished/ Semi-Furnished, Ready to move in apartments available for Sale/Rent. Contact : **9224944922, 9833726529** 6697 (1383)

**મુલુંડ ઈસ્ટ સાઈનાથ એપાર્ટમેન્ટ**

2 BHK વેચાણથી એરિયા 621 કારપેટ. **નિલેશ : 93239 01171, 87798 97074** 632 (1401)

## ધંધાધારી

**એલ્યુમિનિયમ સ્લાઈડીંગ** બારીઓ રીપેરીંગ અને નવી કરી આપશું. **સંપર્ક : ભરતભાઈ 0973040287 9, 79772 67990** 6660 (1365)

**જુના કપડા વેચાતા લેશું**

જુના પેંટ, શર્ટ, સાડી, પંજાબી ડ્રેસ જુની જરી બોર્ડરની સાડી, શેલા રોકડા પૈસાથી લેશું. **અજયભાઈ - 9833237011** 491 (1370)

**સનસાઈન કવર્સ**

ડાઈનિંગ ટેબલ કવર, વોશિંગ મશીન કવર, સુટકેશ કવર, ઘરઘંટી કવર, માઈક્રોવેવ કવર, બ્લેન્કેટ કવર, બ્લાઉઝ કવર, ગીફ્ટ આઈટમ કવર, ગિટાર કવર, કેસીઓ કીબોર્ડ કવર, સાડી કવર, કુર્તિ કવર, અન્ય વિવિધ પ્રકારના કવર તમારા ઘરે, ઓફિસે આવીને બનાવી આપીશું. **આલમ - 98924 44436 98924 44413 / શબ્બીર - 87798 49022, 88501 55168.** 00 (1357)

**મુલુંડ વેસ્ટમાં જેન્ટસ વેરનું બમ્પર સેલ સેલ સેલ**

પ્લસ સાઈઝની કોટન પેન્ટની અઢળક વેરાયટીઓ જોવા ખાસ પધારો. હોલસેલ ભાવમાં રીટેલ જેન્ટસ વેરમાં બ્રાન્ડેડ ફેબ્રીકમાં કોટન પેન્ટ, હોઝીયરી ટ્રેક પેન્ટ, બર્મુડા, જીન્સ (28 to 50), શર્ટ, ટી-શર્ટ (M to 8 XL) સાઈઝમાં અનેક વેરાયટીઓ ઉપલબ્ધ. ઓફર શર્ટ રૂા.૩૦૦/-થી શરૂ. સિલેક્શન મેન્સ વેર, ગાલા નં.૫૪, રાજા ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટ, પી.કે. રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦. સમય ૧૦ થી ૭. સોમવાર બંધ. **સંપર્ક : દીપેન ભેદા- 9137501277** (1357)

## નોકરી સંબંધી

**એકાઉન્ટસ**

કંપની સોસાયટી અને પર્સનલ એકાઉન્ટસ, જી.એસ.ટી., ઈન્કમટેક્સ સાથે ફાઈનલાઈઝેશન સુધી કરી આપશું. **દિલીપભાઈ - 9324203535** 499 (1397)

Job in Insurance Sector Call : **9773661090**

**Required**
**Commercial Premises on Rental Basic**
**Around 1000 sq.ft.**
Contact
**9969514020**
BB

## મહિલા માટે

**ઘરઘંટીનો ભવ્ય શોરૂમ**

૮ વર્ષની ગેરંટી દરેક પ્રકારની ઘરઘંટી ISI-ISO Service તથા Spare Available **Bhavana Sales / Service** Shop No. 55, Lalan Bldg., P.K. Road, Opp.Manoranjan Showroom, Panch Rasta, Mulund (W). **25933413, 9820055816** 1090 (1370)

**Display Advt. Rates**

First colour Page
Rs.40/- Per Sq.cm.
Last colour Page
Rs.32/- Per Sq.cm.
Inner Colour Page
Rs.24/- Per Sq.cm.

**Office On Sell/Rent**
Fully Furnished with AC, Gala Complex, Mulund West
Area : 500 sq.ft. Carpet with CCTV, Biometric
Contact
**9969514020**
B-1

**Sheth Montana**
**3 BHK Flat for Sale**
Package Price
**2.80 cr**
Contact
**9969514020**
B-2

**મુલુંડ રેલ્વે સ્ટેશનથી ૧૦ મિનિટના અંતરે ૧ રૂમ કિચન જોઈએ છે**
Contact
**9969514020**
BB-6

**મુલુંડ રેલ્વે સ્ટેશનથી ૧૫ મિનિટના અંતરે ૨ બેડરૂમ હોલ કિચન જોઈએ છે**
Contact
**9969514020**
BB-5

**કુલાબામાં સાસુન ડોક પાસે ૨૫૦ સ્કે.ફીટ દુકાન વેચવી છે**
Contact
**9969514020**
BB-4

**સર્વોદય નગરમાં ૨ બેડરૂમ હોલ કિચન ભાડેથી જોઈએ છે**
Contact
**9969514020**
BB-3

**Click Here**

પોસ્ટ ખાતાની વિવિધ બચત તેમજ વીમા યોજના માટે
• કિસાન વિકાસ પત્ર (KVP)
• નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC)
• મન્થલી ઈન્કમ સ્કીમ (MIS)
• રીકરીંગ ડિપોઝીટ (RD)
• સુકન્યા યોજના વિગેરે માટે
રાજલ જીગર ચંદે
9920014863

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

અન્નદાન - મહાદાન
આઈડીયલ હોમ વેલફેર ચેરીટેબલ ટ્રસ્ટ®
@ હેપી ફ્રીજ
સંપર્ક : 79771 17894

વર્ષ : ૨૭ • અંક : ૪૩ • સળંગ અંક : ૧૩૫૯ • મુંબઈ • બુધવાર • તા.૧૩ નવેમ્બર - ૧૯ નવેમ્બર ૨૦૨૪ • કુલ પાના ૨૪ • કિંમત રૂ.૫.૦૦

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
1st July - 31st December 2024
STAMP FRANKING Now Available
With LOWEST INTEREST Rates, we are still very much Co-operative
HOME LOAN
CAR LOAN
eAUTO LOAN
2 WHEELER LOAN
*7.49% (p.a.)
GOLD LOAN
COMMERCIAL VEHICLE LOAN
EDUCATION LOAN
LOAN AGAINST INSURANCE POLICY
*ROI linked to the CIBIL score. Terms & conditions apply
Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083
Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385
Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656
SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)
SADA AAPKE SANG, ARIHANT
www.arihantbank.com @ Arihant Bank

Click Here

# દ્વિતિય પુણ્યતિથિ ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. લહેરચંદ રતનશી ડાઘા

ઉમર વર્ષ - ૭૨

ગામ : વરાડીયા, હાલ : ભાંડુપ

**અરિહંતશરણ - શનિવાર, ૧૨-૧૧-૨૦૨૨**

આપનો પ્રેમાળ અને વાત્સલ્ય ભર્યો ચહેરો,
આપનો શાંત, સરળ, ધાર્મિક સ્વભાવ,
સદા આપશે અમને પ્રેરણા,
અને બની રહેશે અમારા પથદર્શક !
પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને ચીરશાંતિ
અને મોક્ષગતિ આપે એજ પ્રાર્થના

:: શ્રદ્ધાસુમન ::

માતુશ્રી હીરબાઈ રતનશી પાર્શ્વીર ડાઘા પરિવાર, વરાડીયા
માતુશ્રી કસ્તુરબાઈ હીરજી કાનજી લોડાયા પરિવાર, નલિયા
તરૂણાબેન કિર્તીકુમાર પદમશી લોડાયા પરિવાર , સુથરી
જસ્મીનાબેન જયંત વિશનજી છેડા પરિવાર, નલિયા

Click Here

2 BHK Available
For Sale Mulund West
Neelam Senroof Society, Carpet 800, 2 BHK, Fully well furnished flat with Parking. Available to see on request Interested people Please call on
9082041567
8928612125

# ગુર્જરમાત

/gurjarmat Website : www.gurjarmat.com MNE/420/2024-26

PRIME PEST CONTROL
BMC Approved
Pest Control &
Also Services For
Mosquito & Bird Netting
TO BOOK YOUR SERVICE
80705 23555 / 666 / 777 / 888 / 999
primepestcontrolserve@gmail.com
www.primepestcontrolservices.com
Branch : Mulund (West), Mumbai - 400 080.
Head Office : Dadar (West), Mumbai - 400 028.

વર્ષ : ૨૭ ● અંક : ૪૩ ● સળંગ અંક : ૧૩૫૯ ● મુંબઈ ● બુધવાર ● તા.૧૩ નવેમ્બર – ૧૯ નવેમ્બર ૨૦૨૪ ● કુલ પાના ૨૪ ● કિંમત રૂા.૫.૦૦



## સર્વ વેપારીઓ છેતરપિંડી કરનારા અને બદમાશ છે એવા સંજય રાઉતના કથન સામે

# શોપકીપર્સ વેલ્ફેર એસોસિએશન, મુલુંડ દ્વારા જોરદાર વિરોધ

મહાવિકાસ આઘાડીના એક ઘટક પક્ષ શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના પ્રવક્તા સંજય રાઉત દ્વારા તા. ૧૧ નવેમ્બરના મહારાષ્ટ્રના સર્વ વ્યાપારીઓ માટે અશોભનીય નિવેદન કરતાં કહ્યું હતું કે મહારાષ્ટ્ર રાજ્યના તમામ વેપારીઓ છેતરપિંડી કરનારા અને બદમાશ છે અને તેમના ગ્રાહકોને અન્યાયી રીતે ફસાવીને પોતપોતાનો વ્યવસાય કરે છે. તેમના આ વિધાનને જોરદાર રદ્દિયો આપીને તેની સામે શોપકીપર્સ વેલ્ફેર એસોસિએશન, મુલુંડ દ્વારા સખત વિરોધ નોંધાવવામાં આવ્યોછે.

સમગ્ર મહારાષ્ટ્રના સર્વ વેપારીઓ ઉપર કરાયેલા આ

(અનુસંધાન ૭મા પાને)

Yogi Hills-Mulund West
Available 2 BHK For Sale
Fully Furnished Flat
Without Electronic Items.
Full Flat Garden Facing
Carpet : 610' Sq.Feet
Payment - Full Cheque
If Required we sending Photos and Videos.
Owner : Sanjay Thakker
9833726529, 9223358545

શ્રી વિમલ એસ્ટેટ-મુલુંડ
FOR SELL વેચાણાર્થે
4 BHK ઝવેર રોડ
3 BHK કાલિદાસ પાસે
3 BHK દેવીદયાલ રોડ ગાર્ડન પાસે
81040 09694, 98198 64456

ધર્મેશ પ્રોપર્ટી ઘેટીવાલા
3 અને 1/2 BHK વેચાણાર્થે
આર.એચ.બી. રોડ, 2.75 કરોડ,
નવું બિલ્ડીંગ પાર્કિંગ સાથે
8169222044

જોઈએ છે
મુલુંડમાં ડાયગ્નોસ્ટિક હેલ્થકેર સેન્ટર માટે માર્કેટીંગ એક્ઝિક્યુટિવ જોઈએ છે.
અનુભવ પ્રમાણે આકર્ષક પગાર
મોબાઈલ : 82914 69999

AASHV ETHNICS
THE CELEBRATION WEAR
Designer Collection for Groom
❑ Bespoke Tailoring
❑ Sangit Sandhya
❑ Marriage
❑ Reception
❑ Mahendi Designer Clothes
Suit | Kurta
Sherwani | Indowestern
Jodhpuri | Jacket Kurta
Customized Clothes will also be Provided to Match Your Partner's Dress.



Aashv ethnic, 15/c. Ground Floor, Shanti industry, Tambe Nagar, Mulund-West
8169873626
022-35134493
aashv. Ethnic | aashv. Ethnic

Wedding Celebrations come alive at Tip Top Plaza



WEDDING PACKAGES TO SUIT ALL YOUR REQUIREMENTS
Celebrations with Best Venue & Menu • 10 AC Halls • Valet Parking
Events & Decorations all under one roof • No hidden charges
BOOK YOUR DATES NOW
Trust meets Tradition
L.B.S. Marg, Near Teen Hath Naka, Thane (W), Tel.: 80822 33333/022 6793 5516
www.hoteltiptopplaza.in
info@hoteltiptopplaza.in
HOTEL Tip Top PLAZA
ROOMS • RESTAURANT • BANQUETS
T&C apply
Impulse/24

Click Here

## શ્રી જલારામ સેવા મંડળ ટ્રસ્ટ (રજિ.) ડોંબિવલી વેસ્ટ દ્વારા સંત શિરોમણિ પૂજ્ય શ્રી જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતી ધામધૂમથી ઉજવાઈ

રઘુકુળ દીપક, યુગ પ્રવર્તક ભક્ત, સંત શિરોમણિ પૂજ્ય શ્રી જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતી શ્રી જલારામ ધામ, ડોંબિવલી વેસ્ટ મધ્યે શ્રી જલારામ સેવા મંડળ ટ્રસ્ટ (રજિ.) દ્વારા તા.૮ નવેમ્બર શુક્રવારના ભવ્ય ઉત્સાહ ભાવ સાથે ઉજવાઈ.

ઉત્સવ દિને પ્રાતઃ સમયે નવગ્રહ શાંતિ પૂજન બાદ સંગીતમય મહાઆરતી કરાઈ તે સાથે પૂ.બાપાને મનગમતી ખીચડી, કઢી, રસાદાર શાક, રોટલા અને સેવ બુંદીનો મહાપ્રસાદ મોડી બપોર સુધી લગભગ ૩૫૦૦ જેટલી સંખ્યામાં પધારેલ. સર્વ ધર્મ, જ્ઞાતિના ભાઈ બહેનો એ પૂ.જલારામ બાપાના દર્શન લઈ શ્રધ્ધાપૂર્વક ગ્રહણ કરી ધન્ય લાભ લીધો હતો.

ડોંબિવલી દરજી સમાજના સેવા સમર્પિત ભાઈ બહેનો ભક્તજનો માટે ગરમા ગરમ રોટલા તૈયાર કરી જ્યાં રોટલાનો ટુકડો, ત્યાં જલા ભગત ઢુંકડો નો સંદેશો પ્રસરાવ્યો હતો. શ્રી જલારામ ધામ પરિસરની બિલ્ડિંગ તેમજ સોસાયટીના રહેવાસીઓનો ઉત્તમ સહયોગ મળ્યો હતો.

સમગ્ર ઉત્સવ આયોજન વ્યવસ્થા, ખજૂર અને સુખડી પ્રસાદ તથા મહાપ્રસાદનું વિતરણ ટ્રસ્ટ મંડળના સુચારૂ માર્ગ દર્શન હેઠળ યુવા અને મહિલા કાર્યકર ભાઈ બહેનોએ સેવા ભાવથી સંભાળી હતી.

## જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડના આગામી ત્રણ કાર્યક્રમની તારીખ નોંધી લેશો

જૈન સોશિયલ ગ્રુપ મુલુંડ Save The Date ગ્રુપનો આગામી પ્રોગ્રામ તા.૨૬ નવેમ્બરને મંગળવાર, તા.૨૬ ડિસેમ્બરને ગુરુવાર તેમજ તા.૨૯ ડિસેમ્બરને રવિવારના નવા વર્ષની ઉજવણી . તમારી યાદીમાં આ તારીખો નોંધી રાખશોજી. વધુ વિગત આગામી દિવસોમાં જણાવવામાં આવશે. સંપર્ક : જયંતીલાલ મૈશેરી (પ્રમુખ)-૯૮૧૯૭૪૮૨૫૦, માનદમંત્રી : દિલીપ શેઠ-૯૮૨૦૬૯૬૮૪૮, ડિમ્પલ કોરડીયા-૯૮૬૯૬૬૦૨૯૦

## શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન-મુંબઈ અને શ્રી કચ્છ વાગડ લોહાણા મંડળ મુંબઈ દ્વારા પ.પૂ.જલારામ જન્મ જયંતિ ઉત્સવની ઉજવણી



ચેમ્બુર સ્થિત યુટોપીયા એન.કે.ટી.સભાગૃહ ખાતે શુક્રવાર, તા.૮ નવેમ્બરના શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન, મુંબઇ અને શ્રી કચ્છ વાગડ લોહાણા મંડળ મુંબઇ દ્વારા રઘુવંશી સંત શિરોમણી પૂ.જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતિ ઉત્સવનું ધામધૂમથી આયોજન કરવામાં આવ્યું હતું.

સાંજે પ્રમુખશ્રી નાનજીભાઈ ખીમજીભાઇ ઠક્કર થાણાવાલા અને પદાધિકારીઓ, જ્ઞાતિભાઇ બહેનો દ્વારા પૂ.જલારામ બાપાની આરતી કરવામાં આવી હતી.

આ પ્રસંગે મંડળના માનદમંત્રી શ્રી નટવરલાલ વીરજીભાઇ ઠક્કર, સહ માનદમંત્રી પરેશ ઠક્કર, કોષાધ્યક્ષ રમેશભાઈ પાનાચંદ મજેઠીયા, કારોબારી સમિતિના રમેશ પ્રભુરામ પૂજારા, હરેશ મણીલાલ મીરાણી, રાજેશ હરીલાલ રામાણી, દિનેશ મોહનલાલ ચંદે, ભરત ખીમજીભાઈ નાથાણી અને અન્ય સભ્યોએ આરતી કરી હતી.

આ પ્રસંગે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ લાભ લીધો હતો.

## ભારત વિકાસ પરિષદ દ્વારા સનાતન સંસ્કૃતિ વિષય પર કાર્યક્રમનું આયોજન

ભારત વિકાસ પરિષદની મુલુંડ શાખા દ્વારા ૧૪મી નવેમ્બર ૨૦૨૪ના રોજ સાંજે ૭.૩૦ વાગ્યે મહારાષ્ટ્ર સેવા સંઘ, જવાહરલાલ નેહરૂ રોડ, અપના બજારની ઉપર, ઇન્દિરા નગર, મુલુંડ વેસ્ટ ખાતે સનાતન સંસ્કૃતિ વિષય પર એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના પ્રમુખ વક્તા છે સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ એડવોકેટ અશ્વિની ઉપાધ્યાય. ભારત વિકાસ પરિષદ, મુલુંડ શાખા નાગરિકોમાં વર્તમાન પરિસ્થિતિ અંગે જાગૃતિ ફેલાવવા અને આપણા મહાન સાંસ્કૃતિક મૂલ્યોના માર્ગ પર આગળ વધતાં સનાતન ધર્મનો વિકાસ કેવી રીતે કરવો તે ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમનું આયોજન કરી રહી છે.

લોકમત પરિષ્કાર અભિયાનનો ઉદ્દેશ નાગરિકોમાં તેમના મત આપવાના અધિકાર વિશે જાગૃતિ લાવવાનો છે. મતદાન ન્યાયપૂર્ણ હોવું જોઈએ અને જાતિ અને સંપ્રદાયને ધ્યાનમાં લીધા વિના રાષ્ટ્રીય હિતને સર્વોચ્ચ અગ્રતા આપવાની બાબતને ધ્યાનમાં રાખીને હોવું જોઈએ તે અંગે જાગૃતિ લાવવાના ધ્યેય સાથે પ્રબુદ્ધ અને સમૃદ્ધ સમાજનું પણ ૧૦૦ ટકા મતદાન હાંસલ કરવાનું લક્ષ્ય પણ સિદ્ધ કરવાનો આ અભિયાનનો ઉદ્દેશ છે. આ કાર્યક્રમ જેમણે પણ માણવો હોય તેમણે પાસ ગુર્જરમાત કાર્યાલય પરથી લઈ જવી ગુર્જરમાત કાર્યાલય - બી-૩, કૃષ્ણ કુંજ, વિકાસ પ્લાઝો પાસે, વાલજી લધ્ધા રોડ, મુલુંડ(વે).

## ઘાટકોપર મધ્યે કિડની અને હાડકા માટેનો કેમ્પનું આયોજન

તા.૧૬ નવેમ્બર શનિવાર સવારે ૧૧ થી ૪ દરમ્યાન રાયચંદભાઈ ધરમશી અને કિરીટભાઈ લાપસીયા દ્વારા કિડની અને હાડકાં માટેના કેમ્પનું આયોજન આનંદ છાયા બિલ્ડીંગ, આર.બી.મહેતા રોડ, ઘાટકોપર પૂર્વ સ્થળે કરાયું છે. કેમ્પમાં ડૉ. રાજેશ ઠક્કર સારવાર નિદાન કરશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છુકએ શ્વેતા લાલકા-૯૮૧૯૯૮૫૬૫૩ પાસે રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

## ચંદનબાગ સ્કૂલમાં પૂ.જલારામ બાપાની જયંતી નિમિત્તે મહાપ્રસાદનું આયોજન કરાયું

સંત શિરોમણિ શ્રી જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતીની મુલુંડ ચંદનબાગ સ્કૂલમાં તા.૮ નવેમ્બર શુક્રવારે બપોરે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી, જેની બુધવારથી જ તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. સ્નેહા કેટરર્સના સર્વેસર્વા સંજયભાઈ માળીએ સવારના સમયે બાપ્પાની આરતી કર્યા બાદ ભજન અને ભોજનની વ્યવસ્થા કરી હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ આશરે ૨ હજાર લોકોએ બાપ્પાના પ્રસાદનો ધ્યાન લાભ લીધો હતો. મહાવિકાસ આઘાડીના કોંગ્રેસ પક્ષ તરફથી વિધાનસભા ચૂંટણીના ઉમેદવાર રાકેશ શેટ્ટીએ પધારી દર્શન લઈ આશીર્વાદ લીધા હતા. તેમની સંગે ઉત્તમ ગીતે પણ હાજર રહ્યાં હતા.

## શ્રી મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા નવરાત્રિ સ્પર્ધા પુરસ્કાર વિતરણ કાર્યક્રમ

મુલુંડ આંતર સોસાયટી નવરાત્રિ સ્પર્ધા ૨૦૨૪નું આયોજન શ્રી મુલુંડ ગુજરાતી સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું. ભાગ લીધેલ સોસાયટીઓ, નવરાત્રિ મંડળો માટે પુરસ્કાર વિતરણ કાર્યક્રમ આજે બુધવાર તા. ૧૩ નવેમ્બરના સાંજે ૭:૩૦ કલાકે યોજાશે. જેમાં મુખ્ય મહેમાનશ્રી છે શ્રી નીતિનભાઈ ગંગારામ પાંધી-પ્રમુખ શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ, કાર્યક્રમ સ્થળ -રઘુવીર ફાઉન્ડેશન, ચોઈસ સેન્ટર એક્ટિવિટી હોલ, પહેલે માળે, ચોઈસ અંબે સાગર ટાવર, ભક્તિમાર્ગ અને ડો.આર.પી.રોડ, જંક્શનના સિગ્નલ નજીક, જ્ઞાનસરિતા સ્કૂલ પાસે, મુલુંડ પશ્ચિમ. સ્પર્ધામાં ભાગ લીધેલ સોસાયટીઓ, નવરાત્રિ મંડળના પદાધિકારીઓને પધારવા, પુરસ્કાર સ્વીકારવા સસ્નેહ નિમંત્રણ આપવામાં આવે છે. કાર્યક્રમ હોલ માટે રઘુવીર ફાઉન્ડેશનનો સહયોગ મળ્યો છે. સંપર્ક સૂત્રો કન્વીનર, મહામંત્રી લાલજી સર-૯૮૯૨૦૦૬૬૨૮, મંત્રીઓ, સહ કન્વીનર્સ-અલ્પેશ દેઢિયા ૯૭૦૨૪૪૮૮૨૨, સંજીવ જોશી ૯૮૨૧૩૩૫૪૭૦.

## વાચકમત : ઐરોલી બ્રીજથી મુલુંડ વેસ્ટ-ઈસ્ટ સુધી બેસ્ટ બસની રીંગ સર્વિસ વહેલી તકે શુભારંભ કરો સરકારી લોકપ્રતિનિધિ પાસે લોકોની માંગ

અસંખ્યા નાના, મોટા, મહિલા, વયોવૃધ્ધો, વિદ્યાર્થી પ્રવાસ, શિક્ષણ, જોબ, ધંધા, કુટુંબ-સામાજીક વ્યવહારના, થાણા તરફથી કામે ઐરોલી તરફથી ભાંડુપ તરફથી, મુલુંડ વેસ્ટ લીંક રોડ તરફથી એરોલી બ્રીજની નીચે અને આજુબાજુ ખૂણા ઉપર ઉતરે છે. જો ઐરોલી બ્રીજથી મુલુંડ વેસ્ટથી લિંક રોડ, રાજા ઈન્ડસ્ટ્રીયલ એરીયા, પી.કે.રોડ, પાંચ રસ્તા, સ્ટેશન, મુલુંડ ઈસ્ટ, નવઘર રોડ, મ્હાડા-હાઈવે કોર્નર, ફરી ઐરોલી બ્રીજ સુધી દર ૧૫ મિનિટે બસ સર્વિસ, સવારના ૬ થી રાત્રે ૧૦.૩૦ સુધી વહેલી તકે શુરૂ કરાય તો સુવિધા રૂપ થાય.

કારણ કે ત્યાં થી બસ ભરેલી, ઓછી ફિકવન્સીવાળી, મોડી મળે છે, ત્યાં ઊભા રહેતા ૫-૭ રિક્ષાવાળા ચાલવવા તૈયાર નથી થતા, હાઈવે ભાંડુપ તરફથી ખાલી રીક્ષા ઊભી નથી રહેતી, બસ સ્ટેન્ડ આસપાસ ઝાડ-ઝાડીના લીધે અંધારું રહે છે. મહિલા, છોકરી, છોકરાઓને ભય લાગે છે. પ્રસિધ્ધ-બીન પ્રસિધ્ધ ચૂંટાયેલા-બીન ચૂંટાયેલ લોકપ્રતિનિધિઓ.

આ સમસ્યાને ઉકેલવા, મુલુંડ માતબાર પેરાના લોકપ્રતિનિધિ ધ્યાન આપે, Priority આપી ઘટતું કરે. લોકોના ખૂબ આર્શીવાદ મળશે. આજની જરૂરીયાત છે, માંગ છે, ત્યાંથી વાહન, રિક્ષા, બસ મળવાની હાડમારી, તકલીફ મેં પોતે જાતે અનુભવી છે. કદાચ બીજા અસંખ્યા રોજ અનુભવ કરતા હશે મુલુંડની પ્રગતિમાં આ પણ સગવડ ઉમેરવા જેવી છે.

- ડૉ.જયંતીલાલ પી.ખોના

Click Here

# હિંદુ લોકો અને મંદિરો પરના ટાર્ગેટેડ હુમલાનો જવાબ કોણ આપશે?




હવે કેનેડા પણ પાકિસ્તાન,બાંગ્લાદેશના રસ્તે ચાલી નીકળ્યું છે. ત્યાંના હિંદુ મંદિર પર પણ ખાલિસ્તાનીઓએ હુમલો કર્યો છે. ખુદ ભારતનાં જ કેટલાંય રાજ્યોમાં આવી શરમજનક ઘટનાઓ હિંદુ તહેવારો સમયે જોવા મળતી રહે છે. એટલે યક્ષ પ્રશ્ન છે કે હિંદુઓને ટારગેટ કરીને કરાતા હુમલાનો જવાબ આખરે આપશે કોણ? કારણ કે ભારત સરકાર, ભારતીય સંસદ અને ભારતીય સુપ્રીમ કોર્ટ તો ધર્મનિરપેક્ષ છે! કડવું સત્ય તો એ છે ધર્મ નિરપેક્ષતાનો અર્થ હવે હિંદુ વિરોધી અને અલ્પસંખ્યક સમર્થક થઈ ગયો છે.

ભારત અને હિંદુઓને તેમની ધર્મનિરપેક્ષ માનસિકતાનો માર વધારે પડી રહ્યો છે. આનું કારણ છે કે હિંદુત્વની રક્ષા અને વિસ્તાર માટે આપણી પાસે એ રણનીતિ નથી, જે ઈસાઈ કે ઇસ્લામિક દેશો પાસે તેમના ધર્મના વિસ્તાર માટે છે! હિંદુઓ માટે આ વિચારણીય પ્રશ્ન છે. કેનેડામાં જે રીતે હિંદુ વિરોધી હુમલા થયા, મંદિર પર હુમલા થયા, સ્થાનિક પોલીસની ચૂપકિદી અને માત્ર ખાનાપુર્તિ જોવા મળી, તેનાથી ત્યાંની ભારત વિરોધી ટુડો સરકાર ફરી એક વખત સવાલોના દાયરામાં આવી ગઈ છે. ભલે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટનાની નિંદા કરી અને દોષીઓ વિરૂદ્ધ કાર્યવાહીની માંગ કરી, તે અપૂરતી જ છે. ભલે કેનેડાના વડાપ્રધાન ટુડોએ પણ આ ઘટનાને અસ્વીકાર્ય ગણાવી હોય, પરંતુ તેની મિલીભગતનો ઈનકાર ન જ કરી શકાય. ખાલિસ્તાની સમર્થકોના હુમલાના કેટલાય વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. તેનાથી ભારત અને કેનેડા વચ્ચે તણાવ વધી રહ્યો છે. આ મહિનામાં મોદીજીનું કેનેડા પરનું નિવેદન બીજું ઉદાહરણ છે, જેમાં તેમણે ભારતની બહાર હિંદુઓ પર થતા હુમલાઓનો મુદ્દો ઉઠાવ્યો છે અને કેનેડા સરકારને તમામ ધાર્મિક સ્થળોની સુરવા સુનિશ્ચિત કરવાનું કહ્યું છે. આશા રાખીએ છીએ કે હિંસામાં સામેલ લોકો પર કેસ ચલાવવામાં આવે.

કેનેડામાં મંદિર પર હુમલા બાદ હિંદુઓનો પ્રકોપ પણ જાગ્યો છે. તેમણે પણ તિરંગો લહેરાવતાં પ્રદર્શન કર્યા. વિદેશ મંત્રી જયશંકરે પણ કેનેડાને ખૂબ સંભળાવ્યું. કેનેડામાં થયેલા ખાલિસ્તાની હુમલાએ ફરી એક વખત હિંદુઓને એકજુટ કર્યા છે. ત્રીજી નવેમ્બરે હુમલા બાદ ૪ નવેમ્બરની સાંજે બ્રેમ્પટનમાં હિંદુ સભા મંદિર બહાર ભારે ભીડ એકઠી થઈ. રેલીમાં સામેલ લોકોના હાથમાં ભારતીય તિરંગા હતા, વંદે માતરમ અને જય શ્રી રામના નારા લગાવતાં હજારો લોકોએ મંદિર તથા હિંદુઓ સાથે એકજુટતા દેખાડી, ઉગ્ર થયેલી ભીડે જસ્ટિન ટુડો સરકાર વિરૂદ્ધ નારેબાજી કરી. દુ:ખદ વાત તો એ છે કે કેનેડાની પોલીસનો ઓફ ડ્યુટી અધિકારી ખાલિસ્તાની સમર્થકોની રેલીમાં ભાગ લઈ રહ્યો હતો. તેને તપાસ પૂરી થતાં સુધી બરતરફ કરી દેવાયો છે.

નોંધનીય બાબત એ છે કે ખુદ કેનેડાના એક પૂર્વ મંત્રીએ વડાપ્રધાન જસ્ટિન ટુડોને 'સામાજિક અને રાજકીય રૂપે' મૂર્ખ વ્યક્તિ ગણાવી દીધો.ટુડો ક્યારેય સમજી ન શક્યો કે મોટાભાગના શીખ ધર્મનિરપેક્ષ હોય છે. તેઓને ખાલિસ્તાન સાથે કોઈ લેવાદેવા નથી હોતી. એ ટુડોની ખોટી નીતિઓનું જ પરિણામ છે કે આજે કેનેડાના લોકો ખાલિસ્તાનીઓ અને શીખોને એક માને છે.

કેનેડાની ઘટનાથી યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના એ દષ્ટિકોણને પુષ્ટિ મળે છે કે 'બટેંગે તો કટેંગે'. એટલે જ હવે ભારત, બાંગ્લાદેશથી છેક કેનેડા સુધી તેમનો આ નારો ગુંજવા લાગ્યો છે. કહેવાય પણ છે કે કે 'વૃથા ન જાયે દેવ ઋષિ વાણી' એટલે કે સાધુ-સંતોના મુખેથી નીકળેલી વાણી ક્યારેય વ્યર્થ નથી હોતી. એટલે જ્યારે તેમની વાત હવે સાચી લાગવા માંડી છે તો તેનાથી બચાવ માટે દેશવ્યાપી, વિશ્વવ્યાપી રણનીતિ બનાવવાની જવાબદારી પણ તેમના જેવા આગળનું વિચારતા લોકો પર છે.

# મુલુંડમાં કારમાં ફસાઈ જવાથી પાંચ વર્ષના બાળકનું ગૂંગળાઈને કરૂણ મોત





ગયા ગુરુવારે મુલુંડ ઈસ્ટની મ્હાડા કોલોની સ્થિત રમાબાઈ નગરમાં બનેલી એક હૃદયવિદારક ઘટનામાં પાંચ વર્ષના બાળક કબીર કનોજિયાનું કારમાં ફસાઈ જવાથી કરૂણ મૃત્યુ થયું હતું. આ ઘટના બની ત્યારે કબીર પોતાના પિતા અર્જુન કનોજીયાની પાનની દુકાન પાસે રમી રહ્યો હતો. એક સંબંધીના જણાવ્યા અનુસાર કબીર તેના પિતા સાથે દુકાન પર હતો અને તેણે શૌચાલય જવું છે એમ કહ્યું. તેના ગયા બાદ અર્જુન દુકાનમાં આરામ કરવા લાગ્યા અને થોડી વાર પછી જાગ્યા તો જોયું કે તેમનો પુત્ર ક્યાંય દેખાતો નહોતો. અર્જુને તરત આજુબાજુ તપાસ કરી અને છેવટે બાજુના ગેરેજમાં આવેલી એક હોન્ડા સીટી કારમાં કબીરને બેહોશ પડેલો જોયો.

કબીરને તરત મુલુંડ ઈસ્ટમાં આવેલી વીર સાવરકર હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો જ્યાં ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો. આ ઘટનાથી પરિવાર અને સ્થાનિક લોકોને ઊંડો આઘાત લાગ્યો છે. પોલીસના જણાવ્યા પ્રમાણે અર્જુનની પાનની દુકાન પાસે આવેલા એક ગેરેજમાં કબીર અવારનવાર રમવા જતો હતો. ગુરૂવારની બપોરે આશરે ત્રણ વાગ્યે તે રમતાં રમતાં એક હોન્ડા કારમાં ઘુસી ગયો અને દરવાજો અંદરથી બંધ થઈ ગયો જેને તે ખોલી ન શક્યો. કબીર રમાબાઈ આંબેડકર નગર,નવઘરમાં પોતાના માતા-પિતા અને મોટા ભાઈ સાથે રહેતો હતો અને હજી સુધી તેને શાળામાં દાખલ કર્યો નહોતો. પોલીસે અકસ્માત મૃત્યુ (એડીઆર)નો કેસ નોંધીને કબીરના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો છે.

આ ઘટનાએ બાળકોની સુરક્ષા પ્રત્યે તકેદારી રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે અને માતાપિતા માટે એક ગંભીર ચેતવણી સમાન છે કે ખાસ કરીને બાળકો જ્યારે રમવા માટે બહાર જાય ત્યારે તેમના પર નજર રાખવી કેટલી મહત્વપૂર્ણ છે.

# નેરલ માથેરાન વચ્ચે ટોય ટ્રેન ફરી શરૂ થઈ

મહારાષ્ટ્રના લોકપ્રિય હિલ સ્ટેશન પૈકીના માથેરાનના પ્રેમીઓ માટે આનંદના સમાચાર છે કે આવતી કાલથી નેરલથી માથેરાન વચ્ચે ટોય ટ્રેન શરૂ થશે, જેથી વરિષ્ઠોથી લઈને બાળકો પણ ટોય ટ્રેનની મજા માણી શકશે. માથેરાન હિલ સ્ટેશન મહારાષ્ટ્રનું લોકપ્રિય હિલ સ્ટેશન છે, જે નેરોગેજ ટ્રેક ધરાવે છે. મધ્ય રેલવેના કલ્યાણ-કર્જત સેક્શનમાં આવેલા નેરલ સ્ટેશનથી માથેરાન માટે ટોય ટ્રેન સર્વિસ ચાલુ કરવામાં આવશે. હવેથી નેરલથી માથેરાન માટે રેગ્યુલર ટોય ટ્રેનની સર્વિસ શરૂ થશે.

મધ્ય રેલવેમાં સવારના નેરલથી માથેરાન માટે સવારે ૮.૫૦ અને ૧૦.૫૦ વાગ્યે બે ડાઉન ફેરી હશે, જ્યારે માથેરાનથી નેરલ માટે બપોરે ૨.૪૫ અને સાંજે ૪ વાગ્યે બે અપ ૨ સેવાઓ હશે.

## શોપકીપર્સ વેલ્ફેર એસોસિએશન, મુલુંડ દ્વારા જોરદાર વિરોધ... (પાંચમા પાનેથી ચાલુ)

ગંભીર આક્ષેપો બાબતે વિરોધ દર્શાવવા શોપકીપર્સ વેલ્ફેર એસોસિએશન, મુલુંડના પ્રેસિડેન્ટ અતુલ કોઠારીએ મહાવિકાસ આઘાડીના નેતાઓને તા. ૧૨ નવેમ્બર ૨૦૨૪ના લખેલા વિરોધ-પત્રમાં જણાવ્યું હતું કે, શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના પ્રવક્તા સંજય રાઉત દ્વારા ગઈકાલે આપવામાં આવેલ નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે મહારાષ્ટ્ર રાજ્યના તમામ વેપારીઓ છેતરપિંડી કરનારા અને બદમાશ છે અને તેમના ગ્રાહકોને અન્યાયી રીતે ફસાવીને પોતપોતાનો વ્યવસાય કરે છે. વગેરે.... જે માત્ર અપમાનજનક, આઘાતજનક અનેઘૃણાસ્પદ જ નહીં પરંતુ વિભાજનકારી પણ છે આ અને આવા તમામ પ્રકારના નિવેદનોમાં સભ્યતાનો અભાવ છે અને અમે વેપારીઓ તેની નિંદા કરીએ છીએ.

આગળ આ પત્રમાં મહાવિકાસ આઘાડીના નેતાઓને પ્રશ્નો પૂછવામાં આવ્યા છે કે મહારાષ્ટ્ર જેવા પ્રગતિશીલ રાજ્યમાં શું તમામ વેપારીઓ બિન-મહારાષ્ટ્રીયન છે? તમે સમગ્ર મહારાષ્ટ્રના લાખો વેપારીઓને બદમાશ તરીકેનું લેબલ કેવી રીતે લગાવી શકો?અહીં આપને યાદ અપાવીએ કે અમે વેપારીઓ ગ્રાહકોની સેવા કરવાની છેલ્લી સાંકળ છીએ અને જીએસટી, ઇન્કમટેક્સ અને અન્યનિયમિતપણે ચૂકવવામાં આવતા વિવિધ કરવેરા દ્વારા સરકારની આવકમાં મુખ્ય ફાળો આપનારા છીએ અને તમામ તહેવારો વેપારીઓ દ્વારા અપાતામાતબર દાન દ્વારા ઉજવવામાં આવે છે. જ્યારે કોઈપણ રાજકીય નેતાની ધરપકડ કરવામાં આવે છે ત્યારેસરકાર સામે વિરોધ દર્શાવવા માટેઆ ખૂબ જ વિશાળ વેપારી સમુદાયનીકોઈ પણ ભૂલ ન હોવા છતાં શટર પાડી દેવા માટે તમામ રાજકીય પક્ષોને જરૂર પડે છે. રાષ્ટ્રની એકંદર સંપત્તિ (જીડીપી) માં આવેલ મૂલ્યવાન યોગદાન આપનારાવેપારીઓને ઘૃણાસ્પદ રીતે બદમાશ અને છેતરપિંડી કરનારાઓ તરીકે ઓળખવામાં આવે છે.

અંતમાં આ બાબતે મહાવિકાસ આઘાડીનું વલણ સ્પષ્ટ કરવાનું જણાવતા લખ્યું છે કે, અમે આ અપમાનજનક નિવેદનની નિંદા કરીએ છીએ, આવા નિવેદનો કરવાનુંતદ્દનટાળવું જોઈએ અને કૃપા કરીને તમારા રાજકીય વિરોધી સામેની તમારી લડાઈમાં વેપારીઓનો રાજકીય પ્યાદા તરીકે ઉપયોગ કરશો નહીં. અમે એમવીએના તમામ નેતાઓને વિનંતી કરીએ છીએ કે જો તમે મહારાષ્ટ્રના વેપારીઓની વિશાળ વોટબેંકનું મૂલ્ય સમજતા હો તો આ અંગે તમારું વલણ સ્પષ્ટ કરો.

Click Here

# નવનિર્મિત 'ડો. પુંજાણીઝ પૂજા હેલ્થકેર'માં કથાકાર આશિષભાઈ વ્યાસની પધરામણી








ગુરૂવાર, તા. ૭ નવેમ્બર ૨૪ના રોજ, ભાગવત કથાકાર પરમ પૂ. આશિષભાઈ વ્યાસે ડો. રમેશ પુંજાણીના નવા સાહસ ડો. પુંજાણીઝ પૂજા હેલ્થકેર, ૨૦૧/૨૦૨, સાઈ મધુવન, એસ.એલ. રોડ, મુલુંડ વે. ખાતે પધરામણી કરી હતી.

ડો.પુંજાણીઝ પૂજા હેલ્થકેરએ ડો. રમેશ પુંજાણીનું નવું સાહસ છે, જે તાજેતરમાં પૂર્ણ થયું છે અને ટૂંક સમયમાં જ કાર્યરત થશે. આ નવા સાહસ અંગે ગુર્જરમાતને માહિતી આપતાં ડો. રમેશ પુંજાણીએ જણાવ્યું હતું કે, ડો. પુંજાણીઝ પૂજા હેલ્થકેર, ભવ્ય (lavish) રૂમ્સ, કન્સલ્ટિંગ રૂમ્સ, ઓપરેશન થિયેટર અને પ્રભાવશાળી વેઇટિંગ લાઉન્જ સાથેનું અત્યાધુનિક પાંચ પથારીવાળું (ફાઈવ બેડેડ) યુનિટ છે. ડો. રમેશ પુંજાણી કોવિડ મહામારીના સમય સહિત ૨૦૧૮થી ૨૦૨૦ દરમ્યાન ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA)ની મુલુંડ શાખાના પ્રમુખ હતા. તેમના કાર્યકાળમાં તેમણે મુલુંડવાસીઓ માટે આરોગ્ય જાગૃતિની અનેક પ્રવૃત્તિઓ અને જરૂરિયાતમંદ લોકો માટે મેડિકલ કેમ્પ્સનું આયોજન કર્યું હતું. તબીબી અને સર્જિકલ સારવાર ઉપરાંત, ડો. પુંજાણીઝ પૂજા હેલ્થકેરમાં સમયાંતરે વિવિધ પ્રદર્શનો, શિબિરો અને આરોગ્ય જાગૃતિ અંગેની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.

આશિષભાઈ વ્યાસે ડો. રમેશ પુંજાણી અને ડો. ચેતના પુંજાણીને માનવતાની સેવા માટે અથક પ્રયાસો કરવા બદલ અભિનંદન પાઠવ્યા અને આવનારા વર્ષોમાં પણ તે અવિરત ચાલુ રહે એવા આશીર્વાદ આપ્યા હતા.

# આહાર અને PCOD : પોષણ દ્વારા લક્ષણોનું મેનેજમેન્ટ



## સ્વાસ્થ્ય સુધા

લેખક
રીટા જૈન
9819070772
DIETICIAN
(Msc. In food science and diatetics), specelization in Diebeties educator, yoga and wellness coach.

પોલિસિસ્ટિક ઓવેરિયનડિસીઝ (PCOD), અથવા પોલિસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમ (PCOS), એક હોર્મોન્સને કારણે થતો રોગ છે છે જે પ્રજનન વયની ઘણી સ્ત્રીઓને અસર કરે છે. PCOD નું મેનેજમેન્ટ કરવાની મુખ્ય વ્યૂહરચનાઓમાંની એક છે આહારમાં ફેરફાર, જે અનિયમિત માસિક સ્રાવ, ઇન્સ્યુલિન પ્રતિકાર અને વજનમાં વધારો જેવા લક્ષણોને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે.

**૧. લોહીમાં સુગરના સ્તરનું સંતુલન :** PCOD ધરાવતી સ્ત્રીઓ ઘણીવાર ઇન્સ્યુલિન પ્રતિકાર સાથે સંઘર્ષ કરે છે, જેમાં શરીર ઇન્સ્યુલિનને અસરકારક રીતે પ્રતિસાદ આપતું નથી. આ પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે, નીચા ગ્લાયકેમિક ઇન્ડેક્સ (GI)વાળો આહાર લેવાની ભલામણ કરવામાં આવે છે. આખા અનાજ, ફળો, શાકભાજી અને કઠોળ જેવા ખોરાક લોહીના પ્રવાહમાં ધીમે ધીમે ખાંડને મુક્ત (રીલીઝ) કરે છે અને શરીરમાં અચાનક વધી જતા ઇન્સ્યુલિનના સ્તર (ઇન્સ્યુલિનસ્પાઇક્સ)ને અટકાવે છે અને બ્લડમાં સુગરના સ્તરને સંતુલિત કરવામાં મદદ કરે છે.

**૨. સોજા વિરોધી (એન્ટી-ઈન્ફલેમેટરી) આહારનું સેવન કરો :** PCOD ધરાવતી સ્ત્રીઓમાં લાંબા ગાળાના સોજા (ક્રોનિક ઇન્ફલેમેશન) સામાન્ય છે. એન્ટી-ઇન્ફલેમેટરી પદાર્થોથી સમૃદ્ધ ખોરાક, જેવા કે પાંદડાવાળા લીલાં શાકભાજી, બેરી, બદામ, બીજ (સીડ્સ), સોજા અને બળતરા ઘટાડવામાંતેમ જ PCODના લક્ષણોમાં સુધારો કરવામાં મદદ કરી શકે છે. પ્રોસેસ્ડ ફૂડ અને ખાંડવાળા નાસ્તાને ટાળવું એ પણ PCODના લક્ષણોનું મેનેજમેન્ટ કરવામાં ચાવીરૂપ છે.


**૩. સ્વાસ્થ્યપ્રદ તેલ :** એવોકાડોસ, ઓલિવ તેલ અને બદામમાં જોવા મળતા સ્વાસ્થ્યપ્રદ તેલને આહારમાં સામેલ કરવાથી ઇન્સ્યુલિનની સંવેદનશીલતા અને હોર્મોન નિયમનમાં સુધારો થઈ શકે છે. માછલી અને અળસી (ફ્લેક્સસીડ) માં જોવા મળતા ઓમેગા-૩ ફેટી એસિડ્સ પણ PCODના લક્ષણોનું મેનેજમેન્ટ કરવામાં ખૂબ ફાયદાકારક છે.

**૪. આહારમાં ડેરી અને રિફાઈન્ડ કાર્બોહાઈડ્રેટ્સનું પ્રમાણ મર્યાદિત કરો :** કેટલાક અભ્યાસો સૂચવે છે કે ડેરી અને રિફાઈન્ડ કાર્બોહાઇડ્રેટ્સ PCOD લક્ષણોને વધારી શકે છે. દરરોજના આહારમાં ડેરી ઉત્પાદનોનું પ્રમાણ મર્યાદિત કરવાથી અને આખા અનાજ (whole grains) જેવા અનરિફાઈન્ડ કાર્બોહાઇડ્રેટ્સ પસંદ કરવાથી PCODના લક્ષણોનું નિયંત્રણ કરવામાં મદદ મળી શકે છે.

**૫.શરીરના વજન પર નિયંત્રણ :** શરીરના વજનના પાંચથી દસ ટકા જેટલું વજન ઘટાડવું પણ માસિક સ્રાવ (પીરિયડ્સ)ને નિયંત્રિત કરવા અને એન્ડ્રોજનના સ્તરને ઘટાડવા સહિત, PCOD ના લક્ષણોમાં નોંધપાત્ર સુધારો કરી શકે છે.

આહાર, જ્યારે વ્યાયામ અને તબીબી વ્યવસ્થાપન સાથે જોડાય છે, ત્યારે તે PCOD ના લક્ષણોને ઘટાડવા અને એકંદર આરોગ્ય સુધારવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે.




## પૂર્વ નગરસેવક પ્રકાશ ગંગાધરે જલારામ બાપાના દર્શન તેમજ આશીર્વાદ લીધા



સંત, ભક્ત પૂ.શ્રી જલારામ બાપ્પાની જન્મ જયંતિના પાવન અવસરે લોક એવરેસ્ટ સોસાયટી, મુલુંડ વેસ્ટ ખાતે સંત શિરોમણિ પ.પૂ.શ્રી જલારામ બાપ્પાના આશીર્વાદ લીધા.

તેમની સાથે વોર્ડ નં.૧૦૪ મહિલા મોરચાના પ્રમુખ સનિકા ચવ્હાણ, વોર્ડ નં.૧૦૪ મહિલા મોરચાના મહામંત્રી પારૂલ ખત્રી, અશોક ઠક્કર અને પરેશ સોમૈયા ઉપસ્થિત રહ્યા હતા.

Click Here

# વિધાનસભાની ચૂંટણી અપક્ષ તરીકે લડી રહેલા શિક્ષિત ઉમેદવાર ડૉ.આનંદ કાસલેના વિચારો જાણીએ

વિધાનસભાની ચૂંટણીમાં મુલુંડમાંથીઅપક્ષ ઉમેદવાર ડો. આનંદ કાસલેએ મુંબઈ યુનિવર્સીટીમાંથી બી.એ., એલ.એલ.બી. એલ.એલ.એમ., એન.ઈ.ટી. (નેશનલ એલિજીબિલિટી ટેસ્ટ – નેટ) તેમ જ કાયદાશાસ્ત્રમાં પી.એચડી.ની ડિગ્રી મેળવી છે. મુલુંડના સર્વ ઉમેદવારોમાં કદાચ તેઓ સૌથી શિક્ષિત ઉમેદવાર છે.

છેલ્લા ૩૫ વર્ષથી મુલુંડમાં (હાલ વીણા નગર) વસતા ડો. આનંદ છેલ્લા ૨૦ વર્ષથી શિક્ષણક્ષેત્રે કાર્યરત છે. તેઓ એક લો કોલેજમાં વિદ્યાર્થીઓને દરેક પ્રકારના કાયદાનું શિક્ષણ આપે છે. તેમના ૨૫ જેટલા રિસર્ચ પેપર્સ પ્રસિદ્ધ થયા છે. આવા વિદ્વાન ઉમેદવારે ગુર્જરમાતને આપેલી



મુલાકાતના મુખ્ય અંશ:

તેઓ રાજકારણમાં કેમ આવ્યા પ્રશ્નના જવાબમાં ડો.આનંદએ જણાવ્યું હતું કે હું રાજકારણમાં નથી જ. અપક્ષ ઉમેદવાર છું. લોકાભિમુખ ચળવળો ચલાવવા માટે, દેશના સર્વાંગી વિકાસ માટે ચૂંટણી એક માધ્યમ છે. વિધાનસભા એ કાયદા ઘડવા માટેનું મંડળ છે. હું કાયદાના નિષ્ણાત તરીકે ત્યાં જવા માગું છું.

ચૂંટાઈ આવો તો તમે કઈ બાબતને પ્રાથમિકતા આપશો એમ પૂછતાં તેમણે જણાવ્યું હતું કે મુલુંડમાં સોસાયટીઓના રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ યોગ્ય રીતે નથી ચાલી રહ્યા જેને લીધે અનેક લોકો ઘરબાર વગરના થઇ ગયા છે. મારું પ્રથમ ધ્યેય છે કે હાઉસિંગ સોસાયટીના રિડેવલપમેન્ટ માટે એક સ્વતંત્ર વિભાગ હોવો જોઈએ જે ફ્લેટધારકોના હિતનું રક્ષણ કરે. મુલુંડમાં અનેક સોસાયટીઓનું એસઆરએ હેઠળ રિડેવલપમેન્ટ કરવામાં આવે છે જેમાં કોઈ અલ્ટરનેટ એકોમોડેશન, ભાડું આપવામાં આવતું નથી જેથી મધ્યમ વર્ગની હાલત શોચનીય છે. મુલુંડમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગેના પ્રશ્નમાં તેમણે ટ્રાન્સપોર્ટની અપૂરતીસુવિધા, ટ્રાફિક જામ, મુલુંડ ઇસ્ટમાં પેટ્રોલ પંપ નથી વગેરે બાબતો જણાવી હતી

આ ઉપરાંત આ મુલાકાતમાં તેમણે મુલુંડની અગરવાલ હોસ્પિટલનું રખડી રહેલું કામ સત્વરે પૂરું થવું જોઈએ, બીએમસીની હોસ્પિટલ્સમાં ડોકટરોની અછત, પેથોલોજીકલ ટેસ્ટ, એક્સ-રે વગેરે સુવિધાના અભાવ વિષે યોગ્ય કરશે એમ કહ્યું હતું. મહિલા સશક્તિકરણ ફક્ત કાગળ પર ન રહેતાં તેનો યોગ્ય અમલ થવો જોઈએ. લોકોને કાયદાકીય બાબતો માટે માર્ગદર્શન મળી રહે એવી સુવિધા ઉપલબ્ધ કરાવવા ઉપર ભાર મૂક્યો હતો.


જોઈએ છે
મુલુંડ વેસ્ટમાં નવા ખુલેલા કિંગ વર્લ્ડ Men's અને Ethnic Wearના શોરૂમ માટે અનુભવી કાઉન્ટર સેલ્સમેન તેમજ મેલ/ફિમેલ કેશીયર તુરંત જોઈએ છે.
કોમ્પ્યુટરનું નોલેજ હોવું જરૂરી છે.
કિંગ વર્લ્ડ–98929 44090

Saturday 30th Nov at 8:45 pm Kalidas, Mulund
Sunday 1st Dec at 8:45 pm Dinanath, Vile Parle
ONLINE BOOKING bookmyshow
SCAN & BOOK
Osman Mir Live in concert
Ghazal | Bollywood | Sufi | Folk FEATURING - AAMIR MIR
For Booking and Sponsorship: +91 8097807080

નારી સાડી (જોગેશ્વરી ઈસ્ટ)
ઘરચોળા, બાંધણી, પટોળા, સેલા
50% ડિસ્કાઉન્ટ
M.8097987978
9820207332

PART TIME JOB
IN MULUND
A REPUTED MNC REQUIRE
Retired / VRS / House Wives / Senior Citizen to Start Second Innings
Age 30 to 70 Years
Earn Rs.30,000 to 1,00,000+
PF + Medical + Foreign Tour
Call: 98199 11819

Fully Furnished 2 BHK in Runwal Pride
• Location : LBS Marg, Mulund-W
• Floor : 15th (Higher Floor)
• Area : 940 sq ft
• Covered Parking : 1
100% Vastu Complaint
Available at Best Price
83948 86622

"રક્તદાન - મહાદાન"
શ્રી જય અંબે મા ચેરિટેબલ ટ્રસ્ટ (મુલુંડ) પ્રેરીત
તથા
શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ (દરિયાસ્થાન) દ્વારા આયોજિત
વિશેષ સહયોગ: મુલુંડ ઈસ્ટ વ્યાપારી એસોસિયેશન વેલ્ફેર ટ્રસ્ટ (MEVA) • શ્રી માં ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ - નરા કચ્છ (ગૌશાળા)
રક્તદાન મહાદાન
"રક્તદાન" મહાકુંભ
રક્તદાન મહાદાન
॥ રાધે રાધે ॥
ધરતી ઉપર સૌથી પવિત્ર દાન એટલે રક્ત-દાન
આ રક્તદાન ના દાનવીર બનવા સૌ ભાગ્યશાળીઓને વિનંતી.
વંદનીય શ્રી જીજ્ઞેશ દાદાના મુખાંવિંદ દ્વારા વહેતી શ્રીમદ્ ભાગવત કથા પારાયણની જ્ઞાન ગંગામાં દાદા દરિયાલાલની અસીમ કૃપાથી મુંબઈ મહાજન (દરિયાસ્થાન) દ્વારા મહાકુંભ જેવા એક સેવાયજ્ઞ સમાન આયોજન જે સર્વે પિતૃઓના આશીર્વાદ થકી શક્ય બન્યું છે.
સહયોગી સંસ્થા
રઘુવીર ફાઉન્ડેશન - પરિવાર
રઘુશક્તિ સેવા ટ્રસ્ટ
શ્રી નારાયણ સેવા મંડળ
શ્રી સંજયભાઈ માળી
શ્રી હિરાલાલભાઈ મૃગ
DONATE BLOOD
રક્તદાન શિબિર
ગુરૂવાર, તા.૧૪ નવેમ્બર ૨૦૨૪
સમય: બપોરે ૨ થી રાત્રે ૮
દરેક રક્તદાતાને એક આકર્ષક ભેટ
સ્થળ
રિચર્ડસન એન્ડ ક્રુડાસ કંપની ગ્રાઉન્ડ, ભક્તિમાર્ગ અને એલ.બી.એસ. રોડ જંકશન, બાલરાજેશ્વર મહાદેવ મંદિર સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

Click Here
















# શ્રી જલારામ સત્સંગ મંડળ-મુલુંડ દ્વારા
# ૨૨૫મી જલારામ જન્મ જયંતીની ઉજવણી કરાઈ









શ્રી જલારામ સત્સંગ મંડળ-મુલુંડ દ્વારા રઘુકુળ દીપક, ભક્ત, સંત શિરોમણિ પૂ.જલારામ બાપાની આ વરસે ૨૨૫મી જન્મ જયંતીની ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં ઉજવણી કરાઈ. મુલુંડ (વે)માં રિચર્ડસન એન્ડ ક્રુડાસના વિશાળ ગ્રાઉન્ડમાં પ્રથમવાર જલારામ જયંતીની ઉજવણીમાં અત્યંત ભક્તિપૂર્ણ વાતાવરણ જોવા મળ્યું હતું.

વિ.સં.૨૦૮૧ કારતક સુદ ૭ને શુક્રવાર, તા.૮ નવેમ્બરના સવારે ૮ કલાકે શ્રી જલારામ બાપાના સેવારામ લાલવાણી રોડ સ્થિત મંદિરેથી શોભાયાત્રાનો પ્રારંભ થઈને આર.આર.ટી. રોડ, મહાજનવાડી, સ્ટેશન રોડ, શ્રી મારૂતિ મંદિર, મહાપરિષદ ગલી, અંબાજી ધામ અને ત્યાંથી ભક્તિ માર્ગ થઈને શોભાયાત્રા રિચર્ડસન એન્ડ ક્રુડાસ ગ્રાઉન્ડ ખાતે પહોંચ્યા બાદ સવારે ૧૦ કલાકે આરતી બાદ સવારે ૧૧ કલાકથી દર્શન અને પ્રસાદમાં જલારામ બાપાને મનગમતી ખીચડી-કઢીનો મહાપ્રસાદનો આશરે ૧૫ હજાર લોકોએ લાભ લીધો હતો. મહાપ્રસાદના મુખ્ય દાતા સ્વ.શીવજી શંભુરામ રૂપારેલ પરિવાર હસ્તે કેતનભાઈ શીવજીભાઈ રૂપારેલ ગામ બરદા હાલે અંજાર હતા.

દરમ્યાન જલારામ જયંતીના આગલા દિવસે ગુરૂવાર, તા.૭ નવે.ના સાંજના ૬ થી ૧૦ સુધી લોક સાહિત્ય અને ડાયરાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે પાંચ હજાર લોકો હાજર રહ્યા હતા. લોક સાહિત્યકાર માયાભાઈ આહિર અને ગાયક ઉમેશ બારોટએ ડાયરામાં લોકગીત, દુહા અને છંદ દ્વારા રમઝટ બોલાવી દીધી હતી.



ભક્તિ સંગીતના સૌજન્ય દાતા શ્રી મનોજભાઈ કોટક હતા. મંડળના આમંત્રણને સ્વીકારી વિધાનસભ્ય મિહિર કોટેચા ભક્તિ સંગીત કાર્યક્રમમાં તથા પૂ.બાપાના દર્શનાર્થે પધાર્યા હતા. તેમની સાથે મનોજ કોટકની ઉપસ્થિતિ હતી.

જલારામ મંદિરમાં અનેક સેવાકીય પ્રવૃત્તિઓ ચાલે છે તેમાં અનાજ સહાય, હોસ્પિટલ સહાય, ડેન્ટલ ડિપાર્ટમેન્ટ, ફિઝિયોથેરેપી, શિક્ષણ સહાય સહિત નેચરોપેથી, યોગા સેન્ટર, એક્યુપ્રેશર, રેકી ઉપચાર, છાશ કેન્દ્ર, પાંજરાપોળ, આયુષ્યમાન કાર્ડ, અંતિમ સંસ્કારની કીટ ઈત્યાદિનો સમાવેશ થાય છે. પૂ.જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતી કાર્યક્રમને મળેલી અદ્દ્ભૂત સફળતા બદલ શ્રી જલારામ સત્સંગ મંડળ મુલુંડના ટ્રસ્ટીઓ તથા કારોબારી સમિતિએ તમામનો આભાર માન્યો હતો.









Click Here

# ગરમા ગરમ કલાઉડ કિચન
# GARMA GARAM CLOUD KITCHEN

PURE VEG Restaurant




## PUNJABI SPECIAL

| | |
|---|---|
| Veg Jalfrezi | 220 |
| Veg Koliwada | 230 |
| Veg Hyderabadi | 230 |
| Veg Lahori | 230 |
| Veg Jaipuri | 230 |
| Veg Tawa | 230 |
| Veg Lajawab | 230 |
| Veg Afghani | 230 |
| Veg Hariyali | 230 |
| Veg Bhuna Masala | 230 |
| Veg Maratha | 240 |
| Veg Malwan | 240 |
| Veg Hara Khema Masala | 240 |
| Veg Dhingri | 240 |
| Veg Patiala | 250 |
| Veg Maharaja | 250 |
| Veg Sangam | 250 |
| Veg Shyam Savera | 260 |
| Veg Chand Chakori | 260 |
| Veg Tiranga | 260 |
| Veg Kofta | 210 |
| Kashmiri Kofta | 210 |
| Cheese Kofta | 250 |
| Nargish Kofta | 250 |
| Malai Kofta | 240 |
| Mandap Special Kofta | 260 |
| Paneer Koliwada | 240 |
| Paneer Lasuni | 240 |
| Shahi Paneer | 240 |
| Paneer Mushroom Sabji | 250 |
| Paneer Tawa | 250 |
| Paneer Swarg Masala | 260 |
| Paneer Lajawab | 260 |
| Paneer Parinda | 260 |
| Paneer Stuffed Masala | 260 |
| Baby Corn Masala | 250 |
| Baby Corn Tikka Masala | 260 |
| Diwani Handi | 250 |
| Kaju Matar | 240 |
| Kaju Curry | 260 |
| Kaju Masala | 260 |
| Khoya Kaju | 260 |
| Methi Malai Matar | 250 |
| Mushroom Kadhai | 240 |
| Mushroom Handi | 240 |
| Mushroom Masala | 250 |
| Mushroom Kaju Masala | 250 |
| Mushroom Tikka Masala | 260 |
| Paneer Pasanda | 270 |

## PUNJABI STARTER

| | |
|---|---|
| Spring Roll | 200 |
| Cheese Ball | 210 |
| Hara Bhara Kebab | 250 |
| Paneer Tikka Starter | 260 |
| Mashroom Tikka Starter | 260 |

## PUNJABI DISH

| | |
|---|---|
| Chana Masala | 160 |
| Sev Bhaji | 160 |
| Sev Tomato | 160 |
| Aloo Gobi | 160 |
| Aloo Matar | 170 |
| Aloo Palak | 180 |
| Aloo Methi | 180 |
| Aloo Shimla | 190 |
| Aloo Tomato Fry | 190 |
| Dum Aloo Punjabi | 210 |
| Mix Veg | 180 |
| Bhendi Masala | 180 |
| Bhendi Fry | 190 |
| Baingan Masala | 180 |
| Baingan Bharta | 190 |
| Tomato Bharta | 200 |
| Veg Kolhapuri | 190 |
| Veg Makhanwala | 190 |
| Veg Kurma | 190 |
| Veg Keema | 200 |
| Veg Handi | 220 |
| Veg Kadhai | 220 |
| Stuffed Shimla | 210 |
| Navratna Korma | 220 |
| Lasuni Palak | 210 |
| Stuffed Tomato | 210 |
| Green Peas Masala | 210 |
| Green Peas Palak | 210 |
| Green Peas Paneer Bhaji | 210 |
| Paneer Masala | 200 |
| Paneer Chana | 210 |
| Paneer Matar | 220 |
| Paneer Palak | 220 |
| Paneer Butter Masala | 230 |
| Paneer Bhurji | 230 |
| Paneer Makhanwala | 220 |
| Paneer Kolhapuri | 230 |
| Paneer Tikka Masala | 240 |
| Paneer Handi | 240 |
| Paneer Kadhai | 240 |
| Mushroom Manchurian Gravy | 220 |
| Mushroom Schezwan Gravy | 220 |

## PAPAD

| | |
|---|---|
| Roasted Papad | 30 |
| Fried Papad | 40 |
| Masala Papad | 70 |

## DAAL

| | |
|---|---|
| Dal Fry | 150 |
| Dal Tadka | 170 |
| Dal Palak | 170 |
| Dal Kolhapuri | 180 |

## ROTI/NAAN/PARATHA

| | |
|---|---|
| Roti | 30 |
| Butter Roti | 40 |
| Paratha | 50 |
| Butter Paratha | 55 |
| Kulcha | 50 |
| Butter Kulcha | 55 |
| Stuffed Kulcha | 75 |
| Naan | 50 |
| Butter Naan | 55 |
| Garlic naan Butter | 100 |
| Cheese Garlic Naan | 140 |
| Aloo Paratha | 100 |
| Stuffed Paratha | 100 |
| Methi Paratha | 100 |
| Paneer Paratha | 150 |
| Chapati | 12 |

## RICE

| | |
|---|---|
| Steamed Rice | 130 |
| Dal Rice | 140 |
| Jeera Rice | 150 |
| Curd Rice | 160 |
| Curd Rice Tadka | 170 |
| Dal Khichdi | 170 |
| Butter Dal Khichdi | 180 |
| Dal Khichdi Tadka | 180 |
| Palak Khichdi | 175 |
| Veg Pulao | 160 |
| Paneer Pulao | 180 |
| Kashmiri Pulao | 180 |
| Green Peas Pulao | 160 |
| Veg Biryani | 180 |
| Paneer Biryani | 200 |
| Paneer Tikka Biryani | 210 |
| Mushroom Biryani | 210 |
| Mandap Special Biryani | 220 |
| Dum Biryani | 200 |
| Palak Biryani | 200 |
| Hyderabadi Biryani | 210 |

## LUNCH

| | |
|---|---|
| Lunch | 160 |
| Pulav Lunch | 170 |
| Punjabi Thali | 225 |

## SOUP

| | |
|---|---|
| Tomato Soup | 140 |
| Spinach Soup | 150 |
| Sweet Corn Veg Soup | 140 |
| Veg Soup | 140 |
| Manchow Soup | 150 |
| Hot & Sour Soup | 140 |
| Veg Clear Soup | 140 |
| Veg Noodle Soup | 150 |
| Veg Mushroom Soup | 150 |
| Cocktail Soup | 150 |
| Pet Pet Soup | 140 |
| Tom Yum Soup | 160 |
| Mushroom Tomato Soup | 150 |
| Mushroom Sweet Soup | 150 |
| Picnic Soup | 160 |
| Veg Special Soup | 160 |

## CHINESE STARTER

| | |
|---|---|
| Veg Spring Roll | 180 |
| Potato Chilli | 180 |
| Veg Finger | 180 |
| Idli Chilli | 190 |
| Veg Manchurian | 190 |
| Gobi Manchurian | 190 |
| Paneer Manchurian | 210 |
| Veg Golden Fry | 190 |
| Idli Schezwan | 200 |
| Veg Lollipop | 210 |
| Veg Crispy | 210 |
| Paneer Crispy | 220 |
| Paneer Chilli | 210 |
| Paneer 65 | 230 |
| Paneer Spring Roll | 200 |
| Mix Veg Roll | 200 |
| Mushroom Manchurian | 210 |
| Mushroom Schezwan | 240 |
| Mushroom Chilli | 240 |

## CHINESE RICE

| | |
|---|---|
| Jeera Fried Rice | 180 |
| Veg Fried Rice | 180 |
| Veg Schezwan Rice | 200 |
| Combination Rice | 190 |
| Paneer Fried Rice | 200 |
| Singapuri Rice | 200 |
| Mushroom Fried Rice | 210 |
| Hong Kong Rice | 210 |
| Veg Triple Schezwan Rice | 230 |
| Manchurian Fried Rice | 240 |
| Mushroom Triple Rice | 240 |
| Chilli Triple Rice | 275 |
| Garma Garam Special Rice | 300 |

## CHINESE CHOPSY

| | |
|---|---|
| Veg Chinese Chopsuey | 170 |
| Garma Garam Special Chopsuey | 200 |

## CHINESE NOODLE

| | |
|---|---|
| Veg Hakka Noodles | 180 |
| Paneer Hakka Noodles | 200 |
| Veg Schezwan Noodles | 200 |
| Paneer Schezwan Noodles | 210 |
| Veg Mix Noodles | 200 |
| Veg Ginger Noodles | 200 |
| Veg Hong Kong Noodles | 210 |
| Paneer Hong Kong Noodles | 230 |
| Veg Mushroom Noodles | 220 |
| Mushroom Combination Noodles | 220 |
| Veg Manchurian Noodles | 220 |
| Triple Noodles | 230 |
| Manchurian Schezwan Noodles | 250 |
| Mushroom Triple Noodles | 270 |
| Chilli Triple Noodles | 270 |
| Garma Garam Special Noodles | 300 |

## SNACKS

| | |
|---|---|
| Idli Chutney Sambhar | 80 |
| Misal Pav | 80 |
| Mix Veg Pakauda | 125 |
| Dahi Vada | 140 |
| Chole Bhature | 180 |
| Sada Dosa | 80 |
| Butter Sada Dosa | 100 |
| Cheese Sada Dosa | 120 |
| Spring Masala Dosa | 150 |

## UTTAPAM

| | |
|---|---|
| Uttapam | 75 |
| Butter Uttapam | 85 |
| Onion Uttapam | 95 |
| Butter Onion Uttapam | 105 |
| Butter Masala Uttapam | 105 |
| Butter Tomato Onion Uttapam | 125 |
| Butter Mysore Uttapam | 110 |
| Butter Cheese Uttapam | 135 |

## SANDWICH & TOAST

| | |
|---|---|
| Bread Butter Toast | 60 |
| Chutney Sandwich | 60 |
| Veg Toast Sandwich | 90 |
| Masala Toast | 100 |
| Aloo Cheese Toast | 110 |
| Veg CheeseToast Sandwich | 120 |
| Cheese Chilli Toast | 110 |
| Paneer Tikka Sandwich | 140 |

## PIZZAS & FRIES

| | |
|---|---|
| Only Cheese Pizza | 160 |
| Veg Cheese Pizza | 160 |
| Jain Veg cheese Pizza | 170 |
| Paneer Cheese Pizza | 180 |
| Jain Chatpata Pizza | 170 |
| Farm Fresh Pizza | 190 |
| Cheese Overload Pizza | 200 |
| Barbeque PaneerTikka Pizza | 200 |
| Mushroom Cheese Pizza | 200 |
| Garma Garam Special Pizza | 220 |

## PAV BHAJI

| | |
|---|---|
| Only Bhaji | 150 |
| Butter Pav Bhaji | 160 |
| Jain Pav Bhaji | 170 |
| Khada Pav Bhaji | 180 |
| Cheese Pav Bhaji | 190 |
| Paneer Pav Bhaji | 180 |
| Mushroom Pav Bhaji | 190 |
| Cheese Khada Pav Bhaji | 200 |
| Masala Pav(2Pcs) | 140 |
| Cheese Masala Pav | 175 |
| Tawa Pulav | 180 |
| Paneer Tawa Pulav | 210 |
| Mushroom Tawa Pulav | 220 |
| Onion Chatni Fry | 60 |
| Butter Pav [1Pcs] | 12 |
| Garma Garam Special Pav Bhaji | 225 |

**અમારા કલાઉડ કિચનમાં ફ્રી હોમ ડિલીવરી તેમજ ટિફિન સર્વિસ પણ ઉપલબ્ધ છે**

**Shop No 2. NEERA ENCLAVE, Dr. R.P. ROAD, Near Andheri Bus Stop, MULUND (W), MUMBAI 080.**

**Cell: 91364 36473/90043 32955**

**Click Here**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ
તા.૨૬-૦૫-૧૯૪૩

સ્વર્ગવાસ
તા.૦૮-૧૧-૨૦૨૪

# સ્વ.સુશીલાબેન જાદવજી સાલીયા

હાલ : મુલુંડ

એક ચહેરો જે દ્રષ્ટિમાંથી કદી ભુલાશે નહી...
એક વ્યક્તિત્વ જેનો એહસાસ ક્યારેય મળશે નહી...
એક સ્પર્શ જે હવે ક્યારેય અનુભવાશે નહી.....
જેમનું નામ હૃદયમાં સતત ગુંજ્યા કરે છે...
અને ફુલ બની આસપાસ મહેક્યા કરે છે...

**પ્રભુ તેમના આત્માને ચિર શાંતી અર્પે એજ પ્રાર્થના...**

:: શ્રદ્ધા સુમન ::

લાયન વિરેન ગાલા
લાયન બટુક શાહ
લાયન રમેશ અરોરા
લાયન દામજી ગડા
લાયન ભવાનજી શાહ
લાયન બિરેન્દ્ર કટીયાર
લાયન શાન્તી રાંભિયા
લાયન જયંત છેડા

લાયન લેડી દેવયાની ગાલા
લાયન લેડી મૃદુલા શાહ
લાયન લેડી સંતોષ અરોરા
લાયન લેડી દીના ગાલા
લાયન લેડી જ્યોતિ શાહ
લાયન લેડી રીટા કટીયાર
લાયન લેડી મંજુલા રાંભિયા
લાયન લેડી જસ્મીન છેડા

Click Here

# સપ્તર્ષિ પાર્ક ઉત્કર્ષ મંડળ દ્વારા જલારામ બાપાની જન્મજયંતિની ઉજવણી

સપ્તર્ષિ પાર્ક ઉત્કર્ષ મંડળ દ્વારા શ્રી જલારામ બાપાની ૨૨૫ મી જન્મજયંતિ શુક્રવાર, તા. ૮ નવેમ્બરના સત્સંગ અને ભજનો સાથે ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવી હતી. ત્યારબાદ ૪૦૦ જેટલા ભાવિકોએ મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. શ્રી જેઠાભાઈ ભાનુશાળી, શ્રી અરવિંદભાઈ ઠક્કર અને કમિટીના બધા સભ્યોએ કાર્યક્રમની સફળતામાં મહત્વનો ફાળો આપ્યો. સપ્તર્ષિ પાર્ક વેલ્ફેર એસોસિએશનના પ્રમુખ શ્રી શરદભાઈ પટેલે આ માહિતી ગુર્જરમાતને આપી હતી.



## શ્રી બાપા જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ મુલુંડ દ્વારા સંત શિરોમણિ ભક્ત

# પૂ.જલારામ બાપાની જન્મ જયંતીની ઉજવણી

શ્રી બાપા જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ૨૨૫મી જલારામ જન્મ જયંતી ઉત્સવ પડવલનગર ચેકનાકા સ્થિત શ્રી જલારામ ધામ ખાતે ભવ્ય ઉત્સાહ સાથે ઉજવાયો હતો. સાંજે ૭.૩૦ કલાકે મહાઆરતી બાદ રાત્રે ૮ થી ૧૧ સુધી મહાપ્રસાદનો બહોળી સંખ્યામાં પધારેલ લોકોએ લાભ લીધો હતો. ટ્રસ્ટીઓ પ્રદીપભાઈ ઠક્કર, અભી પ્રદીપભાઈ ઠક્કર અને સાગર પ્રદીપ ઠક્કર સૌ ભાવિકજનોને આવકાર્યા હતા.







**Flats For Sale In Redwood, Mulund West**

**2.5 BHK**
Area - 1160 sq ft built up
Approx 930 Sq.ft carpet
Price - 2 Cr, Parking available

**1 BHK**
Area - 575 Sq.ft Built up
Approx 450 Sq ft Carpet
Price - 1.0 Cr,
Parking Not available

**2 BHK**
Area - 945 Sq ft Built up
Approx 725 Sq ft carpet
Price - 1.6 Cr, Parking available

**9082041567**
**8928612125**



Momrushi Herb

**ચંદ્રકાંતભાઈ હાડવૈદ**
**અને નાડીવૈદ (સૌરાષ્ટ્રવાળા)**
Morning : 10.30 am to 1 pm
Evening : 4.30 pm to 8.30 pm



સાઈડ ઈફેક્ટ વગર વજન ઘટાડો (ફાકી) | હાય ડાયાબિટીસ કંટ્રોલ (ફાકી) | સંધિવા પિડા રાહત (ફાકી) | અશ્વગંધા એક્સ્ટ્રેક્ટ ટેબલેટ | સ્નાયુ પીડા રાહત રોલ ઓન તેલ

Specialist : Sciatica, Arthritis, Spondylosis and Bone Setter Ayurvedic Treatment.
**Weight Loss Powder, High Diabetes Powder available**

Konark Darshan, B-109, 1st Floor, Zaver Road, Near Jain Derasar, Mulund (W), Mumbai - 80.
Email : momrushiherb@gmail.com
Website : chandrakantbhaihadvaidya.in
Contact : 98678 91778 90823 88072





Nikita Yadav
Mob.: 7021817988
NIKITA MEHENDI
Indian Mehendi
Arabic Mehendi
Floral Mehendi
Home Service Available



**WANTED MALE ACCOUNTANTS @ TURBHE**
Fresher / Experienced
Salary : 25000 - 40000
Interested candidates call : (022) 27831813 / 27831896
Mail detailed CV to: sales@shubhmlshah.com



3 BHK Terrace Flat, 1075 Sq.Ft. Carpet Area, Fully Furnished, Marathon Galaxy, L.B.S. Road, Mulund (West)
Contact
**Kamlesh Panchal**
**9820125374**







**Click Here**



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિશ વિશારદ્ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ
સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ તા.૧૩ નવેમ્બર - ૧૯ નવેમ્બર ૨૦૨૪

**મેષ (અ,લ,ઈ) :** શું મેળવવું છે એ બાબતમાં તદ્દન સરળ અભિગમ અપનાવીને લાભની સ્થિતિમાં રહી શકશો. સાથોસાથ ઈચ્છાઓની બાબતમાં વાસ્તવવાદી બનો, વધુ પડતી ચીવટથી કામ કરવાની આદત છોડવાની સલાહ છે. આ સપ્તાહ સંતોષ અને પ્રસન્નતાનો અનુભવ કરી શકશો. કરીઅરમાં ઈચ્છાપૂર્તિનો સુવર્ણયુગ શરૂ થઈ રહ્યો છે. જે કોઈ કામ કે પ્રોજેક્ટ હાથમાં લીધો હશે એ ઈશ્વરકૃપાથી પાર પડતો રહેશે. ભૂતકાળની યાદોમાંથી બહાર આવો અને હાલ કેટલાક મિત્રો તમને અવગણે તો ચિંતા ન કરો. અત્યારે નોકરી બદલવાનો વિચાર મુલત્વી રાખો અને એ વિકલ્પ ભવિષ્ય માટે ખુલ્લો રાખો. શેર-સટ્ટામાં રોકાણ કરવાનું ખાસ ટાળજો.

**વૃષભ (બ,વ,ઉ) :** જીવન જેવું છે એવું હાલ સ્વીકારી લો. અન્ય લોકોના ઈરાદાઓ સામે પ્રશ્નાર્થ કર્યા વિના મૈત્રીપૂર્ણ રીતે વર્તો એવી મારી સલાહ છે. જરૂરી હોય તો પણ સંઘર્ષ ટાળવા પ્રયાસ કરો. ધીમી ગતિથી ઝડપથી પહોંચી શકાય તો કૂદકા મારવાની શી જરૂર? સમય પારખવાની કુશળતા અને ધીરજને કારણે જ તમને લાભ મળતો રહેશે એ સમજવાની જરૂર છે. ખુદમાં પરિવર્તન લાવવાનું વિચારો અને નવી સમજદારી કેળવી શાંતિપૂર્વક નિર્ણયો લો તો વધારે સારૂં. અત્યારે ઘેરાયેલા મુશ્કેલીના વાદળા થોડા વખતમાં દૂર થઈ જશે એમ જણાય છે. હાલ જોખમી ઈન્વેસ્ટમેન્ટ કરવાથી ખાસ દૂર રહેજો. મહિલાઓએ બાકી પડેલા કાર્યો પૂરા કરવા તરફ ધ્યાન આપવું પડશે.

**મિથુન (ક,છ,ઘ) :** વ્યવહારૂ અને બિઝનેસલક્ષી વિચારો ધરાવતા હોવાથી તકોનો કેમ લાભ ઊઠાવવો એ તમે સારી રીતે જાણો છો. વર્તમાન સમય ઘણા વણઉકેલાયેલા પ્રશ્નો ઉકેલાઈ જશે. યંત્રવત કામગીરીમાં કંટાળો આવતો હોય તો કંઈક નવું કરવાનો સમય છે. એવી માનસિકતા સર્જાશે જેમાં તમે પ્રિયજનના અંતરની લાગણીઓને સમજી શકશો. જાણે કે અચાનક ત્રીજુ લોચન ખુલી ગયુ હોય અને અગત્યની માહિતી મળવા લાગતી હોય એવી અનુભૂતિ થશે. તમને આનંદ મળે એવા કાર્યો કરવામાં પ્રવૃત્ત રહો. લોકો શું કહેશે એની ચિંતા ન કરવાની સલાહ છે. કેટલાક જૂના મિત્રો ફરી સંપર્કમાં આવશે અને મૈત્રીના સંબંધો ફરી તાજા થશે. જીવનમાં જે મળ્યું છે એનો આનંદ માણો અને બાકી બધુ ભૂલી જાઓ.

**કર્ક (ડ,હ) :** સહેજ ધીમા સમય પછી ફરી વ્યસ્ત બની જતા અપેક્ષાઓ પણ વધી જશે. ઝડપથી બદલાતી પરિસ્થિતિમાં તમારે નિર્ણયો પણ વિદ્યુત ગતિએ લેવા પડશે. ધાર્યું હશે એ કરતા ઝડપથી સારો સમય આવશે. ખામોશ ન રહો. તમારી સંબંધમાં અવગણના થતી હોય અથવા તમને એક તરફ મૂકી દીધાનું લાગવું હોય તો સ્પષ્ટ શબ્દોમાં તમારી લાગણી વ્યક્ત કરો એવી મારી સલાહ છે. અવગણનાની સ્થિતિમાં તમારી સારી સમજદારી કેળવાશે એમ દેખાય છે. બદલાતા વિશ્વ સાથે તાલ મિલાવવા કોમ્પ્યુટરનું શિક્ષણ મેળવો. કરીઅર આગળ વધારવા કદાચ વધુ અભ્યાસ કરવાનું વિચારો એવી શક્યતા છે. મહિલાઓ માટે સંતાન પ્રાપ્તીનો સમય છે.

**સિંહ (મ,ટ) :** એક મુદ્દા પર તમારે પીછેહઠ કરવી પડશે. જોકે અત્યારે એક ડગલું પાછળ હટીને ભવિષ્યમાં મોટી છલાંગ લગાવી શકશો. પ્રિયજન તમારા પર વધુ ને વધુ આધાર રાખશે અને તેમના જીવનની રોજબરોજની બાબતમાં તમે પણ વધુ ને વધુ સામેલ થવા લાગશો એમ જણાય છે. લોકો તમારા વિશે શું વિચારે છે એ વિશે અટકળો ન કરો અને ખુદમાં વિશ્વાસ રાખો એવી મારી સલાહ છે. કરીઅર અને પારિવારિક જીવનમાં સમતુલા જાળવવાનો પ્રયાસ કરો. વર્તમાનમાં જીવશો તો ઘણી ચિંતાઓ દૂર થઈ જશે. જે પરિસ્થિતિને તમે બદલી શકો એમ ન હો એની પાછળ સમય ન બગાડો. તમારા માટે યોગ્ય રહેણાક શોધવાનું શરૂ કરો એવી શક્યતા છે.

**કન્યા (પ,ઠ,ણ) :** જીવનમાં આવતી કસોટીઓનો સામનો કરીને તમે તમારી કાબેલિયત પુરવાર કરી શક્યા છો એ સારી વાત છે. આ સપ્તાહ કોઈ નવું સાહસ શરૂ ન કરશો. અત્યારે જે આઈડિયા સૂઝતા હોય એને મનમાં જ રાખો અને એમાં ક્યાં પ્રકારનો સુધારો કરી શકાય એમ છે એ વિશે વિચારતા રહેજો. માનસિક શાંતિ, જીવનમાં સ્થિરતા, આર્થિક સ્થિતિમાં સુધારાનો સમય આવી રહ્યો છે. જોકે એ પહેલા તમારે ઘણી સમસ્યાઓ ઉકેલવી પડશે અને ઘણા અધૂરા કાર્યો પૂરા કરવા પડશે એમ જણાય છે. તમારૂં આધ્યાત્મિક વ્યક્તિત્વ બહાર લાવો અને મનમાં આનંદ અને પ્રસન્નતા ભરી દે એવી વ્યક્તિના સંગાથમાં રહો એવી મારી સલાહ છે.

**તુલા (ર,ત) :** અત્યારના સંજોગોમાં તમે બધા કરતા એક ડગલુ આગળ જ રહેવા ઈચ્છતા હશો. એક પરિસ્થિતિ નિયંત્રણ બહાર નીકળી જશે એમ લાગતું હોય તો પણ કાનૂની પગલા લેવાનું ટાળો. અહં સંતોષવાનો પ્રયાસ ન કરો અને અત્યારે કામકાજની સલામત પ્રક્રિયાને વળગી રહો એવી મારી સલાહ છે. વધારાના કાર્યો પાર પાડવામાં અત્યંત વ્યસ્ત રહેવું પડશે. આધ્યાત્મિક વિકાસની શક્યતા છે. તમારા માટે ખાસ હશે એવી કોઈક વ્યક્તિને ગુમાવો એવી સંભાવના છે. એવા આઘાતમાંથી જ દિવ્ય સમજણ પ્રગટશે જે તમને ચેતનાના ઊંચા સ્તર પર લઈ જશે.

**વૃશ્ચિક (ન,ય) :** જીવનમાં અંધકાર છવાઈ ગયો હતો એવા સમયે જ સહાય પૂરી પાડવા બદલ ઈશ્વરનો ઋણ સ્વીકાર કરો. તમને જાણ પણ નહીં થાય અને પાછલા કર્મો તમને નિયતિ તરફ દોરી જશે. જોકે ઈચ્છાપૂર્તિનો સમય શરૂ થઈ રહ્યો છે. લાંબાગાળાની અસરને ધ્યાનમાં રાખીને શું મેળવવું એ નક્કી કરો. જેને પ્રેમ કરતા હશો તેની સાથે ફરી સમાધાનની શક્યતા છે. નોકરીની શોધમાં હશો તો એક મિત્ર તરફથી મળનારી ઓફર તમારી તત્કાળ જરૂરિયાત પૂરી કરશે. એ નોકરીમાં આગળ વધવાની પુષ્કળ તક હશે. લાંબાગાળાની બચત માટે અત્યારથી આયોજન શરૂ કરી દો. કાર ચલાવતા હો તો સલામતીપૂર્વક ડ્રાઈવિંગ કરવાની સલાહ છે.

**ધન (ભ,ધ,ફ,ઢ) :** ઘટનાઓ ઝડપથી બનશે અને પછી કોઈપણ કારણ વિના અચાનક બધુ સ્થગિત બની ગયાનું લાગશે. સમસ્યાઓ ઉકેલવાનો જેટલો પ્રયાસ કરશો એટલી વધૂ ગૂંચવાશે. માટે ધીરજ રાખો. પેચીદા સંબંધો અને પરિસ્થિતિઓથી અળગા રહેવાનું સહેલું નથી. જોકે મજબૂત મનોબળને કારણે તમે ભવિષ્ય પર નજર રાખી શકશો. જીવનમાં સુખદ વળાંકની અપેક્ષા રાખી શકો છો નવી નોકરીમાં શરૂઆતમાં એકલા અટૂલા છો એમ લાગશે જોકે ચિંતા ન કરશો. થોડા વખતમાં જ નવી સંસ્થામાં તમારૂં સ્થાન મજબૂત બની જશે. પરિવાર તરફથી રાત્રે મેળાવડાનું આયોજન કર્યું હશે અને સાંજે અચાનક મોટી કામગીરી આવી પડે એવી શક્યતા છે.

**મકર (ખ,જ) :** જીવનમાં પર્ફેક્ટ સમતુલા કેમ જાળવવી એ પ્રશ્નોનો ઉકેલ શોધવા માટે તમારા મનની અંદર ડૂબકી લગાવો. થોડા દિવસ જે કંઈ બોલો એ વિશે પહેલા પૂરતો વિચાર કરી લેજો. ફાઈનેન્સ વિશે સલાહ લેવા પૈસાના વહીવટની બાબતમાં ખૂબ અનુભવી હોય એવા મિત્રનો સંપર્ક કરો. જીવનમાં બધું સરસ રીતે ગોઠવાઈ રહ્યું છે એ વિશે વિચારો અને બધો ભય ફગાવી દો એવી મારી સલાહ છે. આ સમય ઘરને રિનોવેટ કરવાની કામગીરીમાં પસાર થઈ જશે. ઉત્સાહપૂર્વક કામ કરતા રહેશો તો ધારણા કરતા વહેલું પરિણામ મેળવી શકશો એમ જણાય છે. અતિ વ્યસ્તતાથી જીવનસાથી નારાજ થાય એવી શક્યતા છે માટે એ તરફ પણ ધ્યાન અવશ્ય આપજો.

**કુંભ (ગ,સ,શ,ષ) :** આત્મનિર્ભર હોવા છતાં કોઈક તબક્કે લાગણીઓ સાથે પૈસાની તુલના કરી બેસો એવી શક્યતા છે. અંતરના ઊંડાણમાં જાગતી ઈચ્છાને કારણે મન કેટલીક બાબતો કરવા લલચાશે. અત્યારના શાંત સમયનો તમારી રીતે ઉપયોગ કરી લો. વ્યક્તિગત વિકાસ માટે જીવનમાં આવો સમમ પણ જરૂરી હોય છે. સારી ભાવના ધરાવતા મિત્રોની સલાહ સાંભળશો તો વધુ કુનેહપૂર્વક કામ કરતા શીખી શકશો એમ જણાય છે. ફિટનેસથી નિર્ણયો લેવાની શક્તિમાં વધારો થશે માટે આરોગ્ય અને ફિટનેસ જાળવજો એવી મારી ખાસ સલાહ છે. મોટા પ્રોજેક્ટને બદલે નાના પ્રોજેક્ટો પર ધ્યાન કેન્દ્રિત કરશો તો લાભમાં રહેશો. વાહન ચલાવવામાં ધ્યાન આપજો.

**મીન (દ,ચ,ઝ,થ) :** જાતે સ્વીકારેલી મર્યાદાઓ અને અજાણ્યો ભય તમારી આઝાદીમાં મુખ્ય અડચણ બની રહી છે એમ દેખાય છે. તમારી શક્તિને પિછાણો. પરિસ્થિતિ ક્યારેક સારા માટે બદલાતી હોય છે એ વાસ્તવિકતાને સ્વીકારી લો. આ સમયમાં અમૂક લોકોની નકારાત્મક વાતોને ધ્યાનમાં ન લેશો. પડદા પાછળની રમતનો સામનો કરવા તમારા અંતરના અવાજને ખાસ અનુસરવાની સલાહ છે. કોઈ તમારી લાગણીશીલતાનો ખોટા લાભ ઊઠાવી નથી રહ્યું ને એ જાણવાનો પ્રયાસ કરો. સાધારણ શરદી હોય તો પણ તત્કાલ સારવાર લઈ લેજો. અપરિણીતોને અત્યારે ગંભીર સંબંધોમાં રસ નહીં પડે.

# તેજસ્વી વિદ્યાર્થીઓને શિક્ષણ સહાય આપતી કેન્દ્ર સરકારની વિદ્યા લક્ષ્મી યોજના શરૂ થશે

કેન્દ્રીય કેબિનેટે તેજસ્વી વિદ્યાર્થીઓને નાણાકીય સહાય પૂરી પાડવા માટે પીએમ વિદ્યાલક્ષ્મી યોજનાને મંજૂરી આપી હતી. જેથી પૈસાના અભાવે કોઇ પણ વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણથી વંચિત રહે નહીં. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ જાણકારી આપી હતી. આ યોજના અનુસાર, ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ (ક્યૂએચઇઆઇ) માં પ્રવેશ મેળવનાર કોઈપણ વિદ્યાર્થી પાઠ્યક્રમ સંબંધિત

ટ્યુશન ફી અને અન્ય ખર્ચની સંપૂર્ણ રકમને આવરી લેવા માટે બેન્કો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી કોઇ પણ પ્રકારની જામીનગીરી અથવા ગેરન્ટર વિના લોન મેળવવા માટે પાત્ર હશે.

વૈષ્ણવે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, કેબિનેટે તેજસ્વી વિદ્યાર્થીઓને નાણાકીય સહાય પૂરી પાડવા માટે પીએમ વિદ્યાલક્ષ્મી યોજનાને મંજૂરી આપી છે જેથી નાણાકીય અવરોધો ભારતના કોઈપણ યુવાનોને ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ મેળવવાથી રોકે નહીં.

આ યોજના રાષ્ટ્રીય સંસ્થાકીય રેન્કિંગ ફ્રેમવર્ક (એનઆઇઆરએફ) રેન્કિંગ દ્વારા નિર્ધારિત સરકારી અને પ્રાઇવેટ તમામ ટોચની ક્યૂએચઆઇઆઇ પર લાગુ થશે. જે સમગ્ર કેટેગરી-વિશિષ્ટ અને વિષય- વિશિષ્ટ રેન્કિંગમાં એનઆઇઆરએફમાં ટોચના ૧૦૦માં સ્થાન ધરાવે છે. તેમાં એનઆઇઆરએફમાં ૧૦૧-૨૦૦ રેન્કમાં આવનારી રાજ્ય સરકારની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત તમામ સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે. એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ યાદી દર વર્ષે નવીનતમ એનઆઇઆરએફ રેન્કિંગનો ઉપયોગ કરીને અપડેટ કરવામાં આવશે અને જો તેઓ ઈચ્છે તો ૮૬૦ પાત્ર ક્યૂએચઇઆઇ સાથે ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવશે જેથી તેઓ ઇચ્છે તો પીએમ વિદ્યાલક્ષ્મી યોજનાનો લાભ ઉઠાવી શકશે.

# મતદાન દિવસ તા.૨૦ નવેમ્બરે જાહેર રજા જાહેર

મહારાષ્ટ્ર વિધાનસભાની ૨૦ નવેમ્બરે યોજાનારી ચૂંટણીના દિવસે મતદારો તેમનો મત આપી શકે એ માટે મુંબઈ ડિસ્ટ્રિક્ટ ઇલેક્શન ઑફિસર અને બૃહમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ના કમિશનર ભૂષણ ગગરાણીએ ફરજિયાત રજા જાહેર કરી છે. આ બાબતે BMC દ્વારા સ્ટેટમેન્ટ બહાર પાડીને કહેવાયું છે કે સરકારી અને પ્રાઇવેટ સેક્ટરની કંપનીઓ, કોર્પોરેશન અન્ડરટેકિંગ્સ, ઇન્ડસ્ટ્રિયલ ગ્રુપ, ટ્રેડર્સ અને બધાં જ એસ્ટેબ્લિશમેન્ટ્સે તેમના કામદારો, કર્મચારીઓ અને ઑફિસરોને બુધવાર તા.૨૦ નવેમ્બરે તેઓ મતદાન કરી શકે એ માટે રજા આપવી ફરજિયાત છે. અનિવાર્ય સંજોગોને લ ઈને આખા દિવસની રજા આપવી શક્ય ન હોય તો ઍટ લીસ્ટ ૪ કલાકની રજા આપવી પડશે. જોકે એ માટે તેમણે ઇલેક્શન ઑફિસર પાસેથી આગોતરી પરવાનગી લેવાની રહેશે.

જ્યોતિષશાસ્ત્ર
૩૦ વર્ષોના વિશાળ અનુભવી મુંબઈના સુવિખ્યાત અને લોકપ્રિય જ્યોતિષ વિશારદ શ્રી સમીર સેજપાલ દ્વારા તમને મુંઝવતા તમામ પ્રશ્નો અંગે સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન તથા નિરાકરણ મેળવો.
સમીર સેજપાલ
(જ્યોતિષભાસ્કર, હોરાભૂષણ, જ્યોતિષરત્ન, જ્યોર્તિજ્ઞાતા, વાસ્તુશાસ્ત્રી)
મોબાઈલ : 98192 98404 (એપોઈમેન્ટ જરૂરી)

Click Here

# અશ્રુભીની શ્રદ્ધાંજલિ



જન્મ
તા.૨૬-૦૫-૧૯૪૩

સ્વર્ગવાસ
તા.૦૮-૧૧-૨૦૨૪

# સ્વ.સુશીલાબેન જાદવજી સાલીયા

ગામ : નાની ખાખર - હાલ : મુલુંડ

આપની હયાતી અમારી પ્રેરણા હતી, આપના આદર્શ અમારા માર્ગદર્શક હતા,
આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો, માયાળુ સ્વભાવ અને લાગણીશીલતા
અમો જીવનભર ભુલશું નહિં.

જીવન એવું જીવ્યા કે જોનારા જોયા કરે, કામ સદાય એવા કર્યા કે
સૌના હૈયામાં ગુંજ્યા કરે, દુઃખથી કદી ડર્યા નહીં,
વ્યવહારમાં કદી ચૂક્યા નહીં, સુખ-દુઃખમાં સદાય હસતા રહ્યા

**પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના**

:: શ્રદ્ધા સુમન ::

## લાયન્સ કલબ ઓફ મુલુંડ G -11

Click Here

## શનિવારે સવારે સર્વોદય નગર જૈન દેરાસરથી પ્રારંભ થયો મિહિર કોટેચાની મેગા રેલીનો



તા.૯ નવેમ્બર શનિવારે સવારે વિધાનસભ્ય મિહિર કોટેચાની એક મેગા રેલીનું આયોજન મુલુંડ પશ્ચિમમાં થયું હતું. રેલીનો પ્રારંભ સર્વોદય જૈન દેરાસરથી થયો હતો. ત્યાંથી રેલી જે.એન. રોડ, આર.આર.ટી.રોડ થઇને પાંચ રસ્તા સુધી પહોંચી હતી અને મિહિર કોટેચાના કાર્યાલય પર સમાપ્ત થઇ હતી.

રેલીમાં અસંખ્ય લોકો જોડાયા હતા અને મિહિર કોટેચાનું અનેક સ્થળો પર ભાઈઓ અને બહેનોએ સ્વાગત કર્યું હતુ.



## યુવા પેઢીમાં લોકપ્રિય મિહિર કોટેચા જે.કે.શાહ કલાસીસના વિદ્યાર્થીઓને મળ્યા



ભાજપ અને મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચાએ મંગળવારે સાંજે મુલુંડના જે. કે. શાહ કલાસીસની મુલાકાત લીધી હતી અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. યુવા પેઢીમાં લોકપ્રિય બનેલા મિહિર કોટેચાને વિદ્યાર્થીઓએ અનેક પ્રશ્નો પૂછ્યા હતા અને મિહિર કોટેચાએ એમને સંતોષકારક જવાબ આપ્યા હતા. આજની યુવા પેઢી નરેન્દ્ર મોદી અને મિહિર કોટેચા જેવા કર્મશીલ રાજકારણીઓ પસંદ કરે છે એ હકીકત આ મુલાકાત દરમિયાન બહાર આવી હતી. વિદ્યાર્થીઓએ મિહિર કોટેચાને વિધાસસભાની ચૂંટણીમાં સફળતા મળે એવી શુભેચ્છા આપી હતી.



# મિહિર કોટેચાનો જાન જોખમમાં વેગનઆરમાં આવેલા ત્રણ અજાણ્યા શકમંદોની શંકાસ્પદ હાલચાલ

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓનો પ્રચાર પુરજોશમાં ચાલી રહ્યો છે ત્યારે ભાજપ મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચાએ મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારી (સીઇઓ) એસ. ચોકકાલિંગમને એક પત્ર લખીને જણાવ્યું છે કે ત્રણ અજાણ્યા શખસોએ મારી સલામતી તોડવાની કોશિષ કરી હતી, જેના કારણે મારા જાન પર જોખમ ઊભું થયું છે. મિહિર કોટેચાએ કહ્યું હતું આ ઘટના પાછળ મારા વિરોધીઓનો હાથ છે અને આ બાબતે સખત પગલાં ભરાવા જોઇએ.

વિધાનસભ્ય મિહિર કોટેચાએ જણાવ્યું હતું કે આવી હરકત એ ચૂંટણીની આચારસંહિતાનો ભંગ છે. તેમણે કહ્યું હતું કે આ વિશે ઊંડી તપાસ થવી જોઇએ તેમ જ ત્રણેય શખસો સામે કડક પગલાં ભરાવા જોઇએ અને તેમના ઇરાદા વિશની જાણકારી મેળવવી જોઇએ.

સીઇઓને લખેલા તેમ જ સિનિયર પોલીસ અધિકારીઓને પણ મોકલેલા પત્રમાં મિહિર કોટેચાએ જણાવ્યું છે કે શુક્રવારે દિવસભરના ચૂંટણીપ્રચાર પછી હું મારી ટીમના સભ્યોની સાથે મુલુંડ વેસ્ટની એક હોટલમાં ડિનર લઇ રહ્યો હતો ત્યારે આ ઘટના બની હતી.

પત્રમાં જણાવવામાં આવ્યું છે, ‘ત્રણ શંકાસ્પદ વ્યક્તિઓ એક સફેદ રંગની વેગનઆરમાં આવ્યા હતા અને તેમણે મારી સિક્યોરિટી ટીમને કહ્યું કે મિહિર કોટેચાએ તેમને મળવા માટે બોલાવ્યા છે એટલે તેઓ મને મળવા માંગે છે. એ ત્રણમાંની એક વ્યક્તિએ પોતાનું નામ નીતિનભાઇ હોવાનું જણાવ્યું હતું. મેં કોઇને મળવા માટે બોલાવ્યા નહોતા અને મેં મારી સિક્યોરિટી ટીમને એ જ કહ્યું. આ સમયે હું આ સ્થળ પર છું એની એ શખસોને કેવી રીતે ખબર હતી એ જાણીને મને આશ્ચર્ય થયું. મને મળવા માટેની માંગણી કરતાં રહ્યા, પરંતુ મારી સિક્યોરિટી ટીમે એમને મારી નજીક આવવા ન દીધા. એ પછી તેઓ ચાલ્યા ગયા હતા.’

તાજેતરમાં લોકસભાની ચૂંટણી પણ લડી ચુકેલા મિહિર કોટેચાએ કહ્યુ હતું કે અગાઉ પણ મારા પર અનેકવાર હુમલા થયા છે. મારી બેક ઓફિસ પર પણ હુમલો થયો હતો અને એ સંદર્ભમાં બે એફઆઇઆર પણ નોંધાવવામાં આવી હતી. મને એવી પૂરી શંકા છે કે મારા વિરોધી મારા પર હુમલો કરીને મને ઇજા પહોંચાડવા માટે ફરી સક્રીય બન્યા છે. મારી દરેક હિલચાલ પર તેઓ નજર રાખી રહ્યા છે અને એમના ઇરાદા ખરાબ છે.


## વિધાનસભ્ય મિહિર કોટેચાએ જલારામ જયંતિ નિમિત્તે હાઉસિંગ સોસાયટીઓની મુલાકાત લઇને રહેવાસીઓને શુભેચ્છા પાઠવી





વિધાનસભ્ય મિહિર કોટેચાએ ૨૨૫મી જલારામ જયંતિ નિમિત્તે વિવિધ મંડળો અને સોસાયટીઓની મુલાકાત લીધી અને સૌને શુભેચ્છા પાઠવી હતી.

મિહિર કોટેચાએ કહ્યુ હતું કે રઘુકુળ દીપક સંત શિરોમણિ પૂ.શ્રી જલારામ બાપાની નિસ્વાર્થ સેવાભાવમાંથી પ્રેરણા લઇને હું લોકસેવાનો નિર્ધાર કરું છું. તેમનામાંથી પ્રેરણા લઇને જ મેં જનસેવાનું આ અભિયાન આદર્યું છે.



શ્રી જલારામ જયંતિ નિમિત્તે મિહિર કોટેચાએ મુલુંડની અનેક હાઉસિંગ સોસાયટીઓની મુલાકાત લીધી હતી. તેમણે જે વિસ્તારો અને સોસાયટીઓની મુલાકાત લીધી હતી એના નામ છે : સ્નેહ મોન્ટાના, કલ્પનગરી, વૈશાલી નગર, ગણપતિ મંડળ, સુનિતા આનંદ પેલેસ, શ્રી સિદ્ધી-શ્રી બાલકૃષ્ણ-શ્રી બાલરાજેશ્વર એપાર્ટમેન્ટ, મહાવીર રેસિડેન્સી, રૂનવાલ એન્થુરિયમ, ગોવર્ધન નગર, વીણા નગર, સુમતી ધામ, વિશ્રામ ધામ, સુમંગલ, યોગી હિલ ક્લબ હાઉસ, સપ્તર્ષિ પાર્ક, વર્ધમાન નગર, ત્રિદેવ ટાવર, નીલકંઠ દર્શન, ગાયવાલા બિલ્ડીંગ.



## મોરચા તળાવ ખાતે યોજાયેલા છઠ પૂજા કાર્યક્રમમાં મિહિર કોટેચા ઉપસ્થિત રહ્યા

મુલુંડ પૂર્વના મોરચા તળાવ ખાતે યોજાયેલા છઠ પૂજા કાર્યક્રમમાં ભાજપ મહાયુતિના ઉમેદવાર મિહિર કોટેચા ઉપસ્થિત રહ્યા હતા અને સૌ ભાઈ બહેનોને શુભેચ્છા પાઠવી હતી. છઠ પૂજાનું આયોજન ભાજપ મુલુંડ મંડળના અધ્યક્ષ મનિશ તિવારીએ કર્યું હતું.

માં છઠી મૈયા અને સૂર્યદેવ માટેની શ્રદ્ધા તથા ભક્તિનું આ પર્વ સૌ ભક્તજનોના જીવનમાં સુખ, સમૃદ્ધિ અને સ્વાસ્થ્ય લાવે છે.

આ પવિત્ર અવસર પર સૌએ પોતાના પરિવાર તથા સમાજના સુખશાંતિ માટે પ્રાર્થના કરી હતી. આ પર્વની પવિત્રતાથી આપણો સાંસ્કૃતિક વારસો વધુ સશક્ત બને છે.

Click Here

# ધારાવીના રહેવાસીઓનો બોજ મુલુંડકરો પર ન આવવો જોઈએ



***વિધાનસભ્ય તરીકે તમારૂં મુલુંડ વિશેનું વિઝન શું છે?***

છેલ્લા પાંચ વર્ષો દરમિયાન મેં ઘણા કામ કર્યા છે. ખાસ તો કોરોના સમયે મેં કરેલા કામની સર્વત્ર પ્રસંશા થઇ છે. આ ઉપરાંત મૂળભૂત સુવિધાઓ અને મુલુંડને પર્યટન કેન્દ્ર બનાવવાની યોજના હું સાકાર કરવા માંગુ છું. મુલુંડમાં રાણીબાગ જેવું બર્ડ પાર્ક બનાવવાની યોજનાને મહાપાલિકાએ મંજૂરી આપી છે. સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનના વિસ્તારમાં આવેલા પૂરાણા મંદિરના દર્શન ભાવિકો કરી શકે એ માટે મુલુંડથી રાષ્ટ્રીય ઉદ્યાન સુધી રોપ વે બનાવવાની યોજના છે અને એનો પૂર્ણ અહેવાલ તૈયાર છે.

***મુંબઈમાં કચરાની વધતી જતી સમસ્યા વિશે રાજકારણીઓ વિચાર કરતાં હોય એવું નથી લાગતું?***

આ વિશે વિચારણા ચાલુ જ છે. ડંપિંગ ગ્રાઉન્ડ બીજા સ્થળે ખસેડવા માટેના પ્રયત્નો ચાલુ છે. મહાપાલિકાના મલ નિઃસારણ પ્રકલ્પ હાથ ધરવામાં આવ્યો છે.

***કાંજુરમાર્ગનું ડંપિંગ ગ્રાઉન્ડ બંધ થશે કે નહીં?***

મુલુંડનું ડંપિંગ ગ્રાઉન્ડ બીજે ખસેડાય તો ત્યાં રેસકાર્સ લાવવા માટેની વિચારણ થઇ હતી. આવી પહેલનું અમે સ્વાગત કરીએ છીએ અને આ વિશેનો એક પત્ર મેં મહાપાલિકા તથા રાજ્ય સરકારને આપ્યો છે. મુંબઇનો બધો જ કચરો કાંજુરમાર્ગના ડંપિંગ ગ્રાઉન્ડમાં નાખવામાં આવે છે એ વાતની બહુ ટીકા થાય છે. મહાયુતિની સરકાર ફરી વિજયી નીવડશે અને હું ચૂંટણી જીતીશ એ પછી કાંજુરમાર્ગનું ડંપિંગ ગ્રાઉન્ડ બંધ કરવામાં આવશે.

***ધારાવી પુનર્વિકાસ પ્રકલ્પના વિસ્થાપિતોને મુલુંડમાં જગ્યા આપવા સામે મુલુંડકરોએ વિરોધ નોંધાવ્યો છે. તમારી ભૂમિકા શી છે?***

આ વિશે મેં વિધાનસભામાં રજૂઆત કરી છે. ધારાવીને લોકોને ધારાવીમાં જ જગ્યા આપવામાં આવે અને એ બોજ મુલુંડકરો પર નાંખવામાં ન આવે એવું મેં જણાવ્યું છે. ધારાવીનો વિકાસ થવો જોઇએ, પરંતુ ત્યાંના રહેવાસીઓને બીજા ન ખસેડવા જોઇએ. એમ કરવાથી એમનું સામાજિક જીવન ખોરવાઇ જશે. આ વાત મેં વિધાનસભામાં રજૂ કરી છે. ધારાવીના રહેવાસીઓની બાબતમાં ઇન સિટુ લાગુ કરવામાં આવે એ જ મુખ્ય મુદ્દો છે.

***ધારાવી પ્રકલ્પની ટીડીઆર મુંબઇના વિકાસ માટે વાપરવાને કારણે ઘરોના ભાવમાં વધારો થશે કે?***

આ ખોટી વાત છે. અમે જે યોજના હાથ ધરીએ છીએ એમાંનો એક ચોરસ ફૂટ જ ટીડીઆર માટે લઇએ છીએ. એસઆરએની અનેક યોજનાઓમાં ટીડીઆરની આવશ્યકતા નથી હોતી.

***મુલુંડમાં ૫૨ ટકા વસતિ મરાઠી જનતાની છે. તમે મરાઠી નથી તો તમને કોઇ નુકસાન થશે એવું લાગે છે?***

આ ચૂંટણીમાં મરાઠી કે બિનમરાઠીનો મુદ્દો વચ્ચે આવવાનો નથી, કારણ કે કોન્ગ્રેસે પણ મુલુંડને બિનમરાઠી ઉમેદવારો આપ્યા છે. આ પ્રકારની વાતો ખોટી છે. લોકસભાની ચૂંટણીમાં આપણે આ જોયું. ભાંડુપમાં ૬૨ ટકા વસતિ મરાઠી જનતાની છે. ત્યાં અનેક વિસ્તારોમાં મને વધુ મતો મળ્યા હતા. મુલુંડમાં પણ મને બહુમત મળ્યા હતા. આથી ચૂંટણીમાં આ મુદ્દે મને કોઇ નુકસાન નહીં થાય.

***થાણે સુધીનો ફ્રી વે અને નાહૂર ટર્મિનસ ક્યારે બનશે?***

ચેંબુર સુધીના ફ્રી વેને થાણે સુધી લંબાવવામાં આવશે. એની યોજના તૈયાર છે. આના લીધે સૌને ફાયદો થશે. મુલુંડથી સીએસટી સુધીનો પ્રવાસ ફક્ત ૪૦ મિનિટમાં થઇ શકશે. નાહુર રેલવે ટર્મિનસ માટેનો પ્રસ્તાવ રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે. રેલવે પ્રધાને આ વિશેનો રિપોર્ટ મંગાવ્યો છે. ટર્મિનસ બનવાથી કોંકણવાસીઓને મોટો ફાયદો થશે.

## જનતાના નેતા મિહિર કોટેચા જનતાની વચ્ચે ઊભા રહીને ‘જય ઝુલેલાલ’ ની પાણીપુરીનો સ્વાદ માણ્યો



મુલુંડના લોકલાડીલા વિધાનસભ્ય મિહિર કોટેચા સદાય લોકોની વચ્ચે રહેતા નેતા છે. પોતાની રાજકીય પ્રતિભાનો ભાર રાખ્યા વિના તેઓ સામાન્ય માણસોની સાથે હળેભળે છે અને એમની જેમ જ જીવે છે. બુધવારે દિવસભરના ચૂંટણીપ્રચાર બાદ એન.એસ.રોડ પરના વિખ્યાત જય ઝૂલેલાલ પાણીપૂરીવાળાને ત્યાં ઊભા રહીને અન્ય સામાન્ય ગ્રાહકોની સાથે સ્વાદિષ્ટ પાણીપુરીનો સ્વાદ માણ્યો હતો. મિહિર કોટેચાને જોઇને આઉટલેટના કર્મચારીઓ તથા અન્ય ગ્રાહકો પ્રભાવિત થયા હતા અને એમની સાથે વાતો કરી હતી. મિહિર કોટેચાએ સૌનું અભિવાદન કર્યું હતું અને શુભેચ્છા સ્વીકારી હતી.

## મુંબઇનું ભવ્ય ટુરીસ્ટ એટ્રેક્શન બનનારા મુલુંડના બર્ડ પાર્કની તૈયારી અંગે મિહિર કોટેચાએ હરખ અને સંતોષ વ્યક્ત કર્યો

મુલુંડમાં બર્ડ પાર્ક ઊભું કરવા માટે મુંબઇ મહાનગર પાલિકાએ સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી (સીઝેડએ) સમક્ષ એક વિસ્તૃત યોજના રજૂ કરી છે. આ પ્લાનમાં જણાવાયું છે કે બર્ડ પાર્કમાં ૧૮ પ્રજાતિઓના કુલ ૨૦૬ પક્ષીઓને રાખવામાં આવશે. આ પાર્કની જાળવણી આંતરરાષ્ટ્રીય સ્તરે કરવામાં આવશે.




આ યોજના માટે સતત પ્રયાસો કરી રહેલા વિધાનસભ્ય મિહિર કોટેચાએ કહ્યું હતું કે સીઝેડએમાં મેં આ પ્રસ્તાવનું સતત ફોલો અપ કર્યું છે અને ટૂંક સમયમાં આ પાર્ક ઊભો કરવા માટેનું કામકાજ શરૂ થશે.

મહાપાલિકાના સૂત્રોએ જણાવ્યું હતું કે મુલુંડનો બર્ડ પાર્ક એ વીરમાતા જીજાબાઇ ભોસલે ઉદ્યાન એટલે કે ભાયખલા ઝૂની એક નાની પ્રતિકૃતિ જેવો હશે. પાર્કના ૧૦,૮૫૯ મીટરમાં પક્ષીઓના પીંજરા હશે અને ૩૭૨૮ સ્ક્વેર મીટર વિસ્તાર હરવાફરવા માટે હશે.

બર્ડ પાર્કમાં વિવિધ વિભાગો હશે, જેમ કે એશિયન ઝોન, ઓસ્ટ્રેલિયન ઝોન, અમેરિકન ઝોન વગેરે અને એ દરેક ઝોનમાં એ વિસ્તારના અનોખા પક્ષીઓને રાખવામાં આવશે. આ પાર્કમાં પ્રાદેશિક, લુપ્ત થઇ રહેલી અને અનોખા પ્રકારની ૧૮ પ્રજાતિઓ સહિતની કુલ ૨૫૦ પ્રજાતિઓના પક્ષીઓ રાખવામાં આવશે.

મિહિર કોટેચાએ કહ્યું હતું કે બર્ડ પાર્ક માટે વિશાળ જગ્યા ફાળવવામાં આવી છે, જેથી પક્ષીઓ પોતાને અનુકૂળ આવે એવા વાતાવરણમાં વિહરી શકશે. તેમણે કહ્યુ હતું કે મુલુંડનો બર્ડ પાર્ક એ ભાયખલા ઝૂ પછીનું મુંબઇનું સૌથી મોટું પર્યટન કેન્દ્ર બનશે. ઉપનગરો અને એમએમઆર વિસ્તારમાં રહેતા લોકો બહુ જ નજીકના અંતરે આ બર્ડ પાર્કની મુલાકાત લઇ શકશે. પરિવારો અને શાળાના બાળકો આ પાર્કની મોજ માણીને અનોખો અનુભવ કરી શકશે. બર્ડ પાર્કમાં પ્રવેશતાની સાથે જ મુલાકાતીઓનું સ્વાગત ઓપન પ્લાઝામાં થશે, જેમાં પાણીના ધોધ તથા ઝરણા જોવા મળશે. બર્ડ પાર્કમાં ઇન્ટરએક્ટિવ પ્રોગ્રામ્સ, વર્કશોપ્સ અને નિષ્ણાતો દ્વારા લેક્ચર્સ પણ રાખવામાં આવશે.

## સોમવારે સવારે મુલુંડ પૂર્વની પદયાત્રાએ રહેવાસીઓમાં ઉત્સાહ ભરી દીધો : ઠેર ઠેર મિહિર કોટેચાનું સ્વાગત થયું




સોમવાર તા.૧૧ નવેમ્બર સવારે મુલુંડ પૂર્વમાં આવેલા નીલમ નગર ખાતેની ભૂતપૂર્વ સાંસદ કિરીટ સોમૈયાના કાર્યાલય ખાતેથી શરૂ થયેલી મિહિર કોટેચાની પદયાત્રા ડેસ્ટિની સાઇટ, પીએમજી. પી-પી સેમ્યુઅલ માર્ગ, એમ.પી. માર્ગ અને ફાયર બ્રિગેડ થઇને લક્ષ્મીબાઇ શાળા પર સમાપ્ત થઇ હતી. પદયાત્રામાં ભાજપના અનેક સિનિયર નેતાઓ અને નિષ્ઠાવાન સમર્થકો જોડાયા હતા. અનેક સ્થળોએ સ્થાનિક રહેવાસીઓ પણ પદયાત્રામાં જોડાયા હતા. પદયાત્રા દરમિયાન બહેનોએ વિધાનસભ્ય મિહિર કોટેચાને હારતોરા પહેરાવ્યા હતા. વિધાનસભ્ય મિહિર કોટેચાએ કહ્યું હતું કે મુલુંડનો સર્વાંગી વિકાસ કરવા માટે હું કટિબદ્ધ છું.




Click Here

# મારા ડાયરીના થોડા પાનાં : જયવતી કાજીનું પ્રવચન શ્રી શિવખેરા વિચારો




તા.૧૨ એપ્રિલ સન ૨૦૦૪માં એક વ્યાખ્યાનમાળામાં જયવતીબહેન કાજીનું પ્રવચન સાંભળવા મળ્યું હતું. 'જાગો ઊઠો નહી તો મોડુંથઈ જશે. આજની લોકશાહી સરકાર અને લોકોની માનિસકતા વિશે એમાંથી થોડું મને સમજાયું એ લખવાનો પ્રયત્ન કરું છું. જ્યાં શાસક પ્રજાનો રક્ષક હોય લોકો માટે આદર્શ રૂપ હોય જ્યાં અદના આદમીના વિચારની અને ભાવનાની કદર હોય અને જ્યાં કાયદો સર્વ માટે એક સરખો હોય. ડૉ.ઈકબાલે રાષ્ટ્ર પ્રેમની ઉભરાતું એક સુંદર ગીત આપ્યું હતું.' સારે જહાઁ સે અચ્છા, હિન્દુસ્તાન હમારા. તેઓ પરિસ્થિતિ હતાશા થયાં અને એમણે લખવું પડ્યું.

'વતન કી ફિકર કર નાદાન'
મુસીબત આનેવાલી હૈ
તેરી બરબાદીયોં કે મશવારે સે
'આસમાન મેં' કવિ ઈકબાલ જે ચેતવણી આપેલી આવી જ ચેતવણી શ્રી શિવખેરાએ એમના તાજેતરમાં પ્રગટ થયેલા પુસ્તક *'Freedom is not free'* માં આપે છે. શિવખેરાનું પુસ્તક *you canwin* અને *Living with Honour* બેસ્ટ *self* પુસ્તક યાદીમાં રહ્યો.

*Freedom is not free* ઉદ્‌ભવ્યુ છે. ઊંડી વેદનામાંથી અન્યાય, ભષ્ટ્રાચાર અને શોષણ સામેના આક્રોશમાંથી આ પુસ્તકમાં ખેરાએ ભારતના તમામ નાગરિકોને આહવાન આપ્યું છે. તેમણે આ પુસ્તકમાં 'વેઈકઅપ કોલ' છે. જેમનું અંતર નિદ્રામાં ઘેરાયેલું છે. પણ મૃત થયું નથી એમને માટે આ પડકાર છે. તેઓ ભારતવાસીઓને જાગૃત કરવા માંગે છે. આ વિષ પરિસ્થિતિનું કારણ તેમજ સમસ્યાનો ઉકેલ પણ દર્શાવે છે. તેઓ કહે છે 'આપણું જીવન કંઈ ડ્રેસ રિહર્સલ નથી' આપણી સામે *'stakes'* મોટો છે. કોઈ કામ કરવા માટે કોઈ આદર્શ સમય હોતો નથી. પરંતુ એ માટે તો આજ અને અત્યારની ઘડી જ હોય છે.

જેમને જીવનમાં કંઈક મૂલ્યવાન કરી જવું છે. તેમને અગ્નિ પરીક્ષામાંથી પસાર થવું પડે છે. ઈતિહાસ પોતાનો માર્ગ બદલે છે. થોડાક નિષ્ઠાવાન દેશભક્તોને કારણે જ તેઓ કહે છે તમારા ભાવીની લગામ એનો અંકુશ તમારા હાથમાં લો આ તમારી ઘડી છે. *Freedom is not free* એ પુસ્તક કંઈ માત્ર નવરાશ વાંચીને ઊંચું મૂકી દેવા જેવું પુસ્તક નથી એ પુસ્તક નથી એ છે એક આંદોલન. આપણા મૂલ્યો અને સિધ્ધાંતો આપણા કાર્યને દિશા આપે છે. નિષ્ઠા, પ્રમાણિકતા સંવેદના ન્યાય એ એક વિધયેક સમાજના પાયામાં રહેલા હોય છે. એને પરિણામે સર્જાય છે. પાયામાં રહેલા હોય છે. એને પરિણામે સર્જાય છે.

પ્રામાણિક જીવન વિકાસ અને પ્રગતિ માટેનું સાનુકુળ વાતાવરણ અપ્રમાણિકતા લોભ અને લઘુતાગ્રંથિ નકારાત્મક વર્તુંણકને છે, પોષે છે અને સમાજમાં નેગેટિવ બતાવે છે, શિવખેરા એ કહ્યું છે. સ્વાતંત્ર્યની મશાલ એક પેઢીએ બીજી પેઢી સુધી પહોંચાડવાની હોય છે. અને એ મશાલ નિરંતન જલતી રહે તે માટે સંકલ્પ કરવાનો હોય છે. આ માટે કાંઈ પણ કિંમત નથી. *Freedom is not free.* દેશની સેવા કરવી એ કોઈ બલિદાન નથી અધિકાર છે. પરંતુ દુ:ખની વાત એ છે કે આપણે આજે એક *Nation of Resident not Indian-Rivis* બની ગયા છીએ.

ઈંગ્લેંડ, અમેરિકા અને અન્ય દેશમાં ભારતીય લોકો ખૂબ સરસ કામગીરી બજાવી રહ્યાં છે. તેઓ ત્યાંની એક સમૃધ્ધ સમાજ છે. રાજકારણ, વેપાર, ઉદ્યોગ, વિજ્ઞાન, સાહિત્ય એ બધે ક્ષેત્રે એમણે નામના મેળવી છે. ભારતીયો પ્રતિભાશાળી છે તો પછી આપણા દેશની સ્થિતિ કેમ આવી? શા માટે તેજસ્વી, બુધ્ધિશાળી યુવાનો પરદેશ ચાલ્યા જવાનું પસંદ કરે છે. કારણ કે આપણું વાતાવરણ આપણી આખી સિસ્ટમમાં કંઈક જબરદસ્ત ખોટું છે.

આપણે આપણા જીવનસાથીને છેતરી એ છીએ. ગ્રાહકોને છેતરીએ છીએ. આપણા માલિકોને છેતરી છીએ અને અંતે સમાજ અને દેશને છેતરતા રહીએ છીએ. આપણા સંતાનોને કેવા મૂલ્યોને વારસો આપીશું. શિવખેરા ઈશ્વરને પ્રાર્થના કરી માગવાનું શું કહે છે. પ્રભુ *give us ment a time like this demand frong minds great hearts trus faith and ready hands.* આપણો ભારતીય સમાજ આજે નૈતિક એનિમિયા અને આધ્યાત્મિક કેન્સરથી પીડાઈ રહ્યો છે. વક્તા તો જુઓ સાચો પ્રમાણિક માણસ હાંસીને પાત્ર થાય છે. અને ઠગ લોકો અને અપરાધીઓ સમાજમાં ખુલ્લે આમ ફરે છે. આ પરિસ્થિતિ અંગે લેખક ઉપહાસ કરતા કહ્યું છે. ત્રણ દેશના વડા ઈશ્વરને મળવા ગયા. અમેરિકને પુછ્યું. પ્રભુ? મારા દેશમાંથી ભષ્ટ્રાચાર ક્યારે દૂર થશે? સો વર્ષ. આ સાંભળી અમેરિકન એકદમ હતાશ થઈ ગયો અને રડવા લાગ્યો. હું મારા જીવન દરમિયાન ભષ્ટ્રાચાર મુક્ત મારા દેશને નહીં જોઈ શકું.

જાપનીઝે પુછ્યું પ્રભુ મારા દેશ ભષ્ટ્રાચાર મુક્ત ક્યારે થશે? ત્રીસ વર્ષ આ સાંભળી એ ખુબજ ઉદાસ થઈ ગયો. મારા જીવનમાં ભષ્ટ્રાચાર નષ્ટ નહીં થઈ શકે. ભારતના વડા ગયા એમણે પણ એજ પ્રશ્ન પૂછ્યો. પ્રભુ પોતે રડી પડ્યા અને ક્હ્યું હું ખુબજ નિરાશ છું. મારી પોતાની હયાતિમાં ભષ્ટ્રાચાર દૂર નહી થઈ શકે લેખક માને છે કે આપણા ચારિત્રમાં આપણા વર્તનમાં સમાજને જે હાનિકર્તા છે. તે આપણી આ લાક્ષણિકતા છે. ૧) આપણો અંહ *ego* ૨) ઈર્ષા ૩) ઉદાસીના ૪) પ્રારબ્ધવાદ અને ૫) પ્રાયશ્રિતનો ખ્યાલ.

**વધુ આવતા અંકે**

# મતદાન કરો અને વળતરમાં ખરીદી, ખાણીપીણી ઉપર ડિસ્કાઉન્ટ મેળવો

મુંબઈગરાઓ ચૂંટણીમાં મતદાન કરવાને બદલે ફરવા ઊપડી જવા માટે બદનામ છે. આ વર્ષે મે મહિનામાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં બાવન ટકા અને ૨૦૧૯ની વિધાનસભાની ચૂંટણીમાં માત્ર ૫૦.૬૭ ટકા જ મતદાન નોંધાયું હતું. ૨૦ નવેમ્બરે યોજાનારી વિધાનસભાની ચૂંટણી માં મતદાનની ટકાવારી વધારવા માટે રાજ્યનું ચૂંટણીપંચ અને બૃહમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) સંયુક્ત રીતે પ્રયાસ કરી રહ્યાં છે. ગયા શુક્રવારે BMCના કમિશનર-કમ-એ ડ્રિમ નિસ્ટ્રેટર ભૂષણ ગગરાણીએ ફેડરેશન ઑફ રીટેલ ટ્રેડર્સ વેલ્ફેર અસોસિએશ ન (FRTWA), રીટેલર્સ અસોસિએશન ઑફ ઇન્ડિયા (RAI), ઇન્ડિયન હોટેલ્સ ઍન્ડ રેસ્ટોરાં અસોસિએશન (AH A R), રિલાયન્સ રીટેલ અને પી વીઆર-આઈનોક્સ સિનેમાના પ્રતિનિધિઓ સાથે ચૂંટણીમાં વધુ લોકો મતદાન કરવા માટે ઘરોની બહાર નીકળે એ માટે ચર્ચા કરવા બેઠક યોજી હતી. આ બેઠકમાં રીટેલર્સ અને હોટેલિયરોને કહેવામાં આવ્યું હતું કે મતદાન કરનારાઓને વિવિધ પ્રકારનાં ડિસ્કાઉન્ટ આપવાની ઑફર કરવામાં આવશે તો મતદાનમાં પાંચથી દસ ટકાનો વધારો થઈ શકે છે. બેઠકમાં હાજર રહેલા મોટા ભાગના પ્રતિનિધિઓ ડિસ્કાઉન્ટ ઑફર કરવા સંમત થયા હોવાનું જાણવા મળ્યું હતું.

# નવેમ્બર એ ડાયાબિટીસ સંબંધિત આંખના રોગો વિષે જાગૃતિ ફેલાવવાનો મહિનો છે




નવેમ્બર એ ડાયાબિટીસને લીધે થતા આંખના રોગો અંગે જાગૃતિ ફેલાવવાનો મહિનો છે. આ એક એવો સમય છે જ્યારે આપણે ડાયાબિટીસના ઓછા જાણીતા પરિણામો પર પ્રકાશ પાડીએ છીએ.ડાયાબિટીસને લીધે થતા આંખના રોગો વિશ્વભરમાં લાખો લોકોને અસર કરે છે.

ડાયાબિટીસ સંબંધિત આંખનાં રોગો (Diabetic Eye Disease) એ આંખના રોગોના સમૂહને વર્ણવવા માટે વપરાતો શબ્દ છે જે ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિઓને થઇ શકે છે.

ડાયાબિટીક આંખના રોગ, જેને ડાયાબિટીક રેટિનોપેથી તરીકે પણ ઓળખવામાં આવે છે, તેમાં આંખોના વિવિધ રોગોનો સમાવેશ થાય છે જે ડાયાબિટીસ ધરાવતી વ્યક્તિઓમાં લાંબા સમય સુધી લોહીમાં સુગરના ઊંચા સ્તરને કારણે થાય છે. આ રોગો આંખના વિવિધ ભાગોને અસર કરી શકે છે, જેમાં સૌથી ગંભીર છે ડાયાબિટીક મેક્યુલર એડીમા અને પ્રોલિફેરેટિવ ડાયાબિટીક રેટિનોપેથી.

- ડાયાબિટીક મેક્યુલર એડીમા (DME): DME ત્યારે થાય છે જ્યારે આંખના એક ભાગ, મેક્યુલામાં પ્રવાહી એકઠું થાય છે. મેક્યુલા કેન્દ્રીય દ્રષ્ટિ માટે જવાબદાર છે. ડાયાબિટીક મેક્યુલર એડીમા અસ્પષ્ટ અથવા વિકૃત દ્રષ્ટિ તરફ દોરી શકે છે અને ડાયાબિટીસ ધરાવતા લોકોમાં દ્રષ્ટિ ગુમાવવાનું એક સામાન્ય કારણ છે.
- પ્રોલિફેરેટિવ ડાયાબિટીક રેટિનોપેથી (PDR): PDR એ ડાયાબિટીક રેટિનોપેથીનો વધુ આગળનો તબક્કો છે. PDR ત્યારે થાય છે જ્યારે રેટિના (નેત્રપટલ)માં અસામાન્ય (abnormal) રક્તવાહિનીઓ વધવા લાગે છે, જે સંભવિત રૂપે રેટિના ડિટેચમેન્ટ અને ગંભીર દ્રષ્ટિ ગુમાવવાનું કારણ બને છે.




ડાયાબિટીક રેટિનોપેથી ખૂબ આગળના તબક્કામાં ન પહોંચે ત્યાં સુધી ઘણીવાર તેના કોઈ ચિન્હો કે લક્ષણો જોવા મળતા નથી.તેથી જ ડાયાબિટીસ ધરાવતા લોકો માટે નિયમિત આંખની તપાસ કરાવતા રહેવું જરૂરી છે. આંખના નિષ્ણાત ડોક્ટર આ રોગોના પ્રારંભિક ચિહ્નો શોધી શકે છે અને દ્રષ્ટિની ખોટને વધતી અટકાવવા માટે યોગ્ય સારવારની ભલામણ કરી શકે છે. ડાયાબિટીક રેટિનોપેથી થવાના જોખમને ઘટાડવા માટે જીવનશૈલીમાં ફેરફાર, દવાઓ અને બ્લડ સુગર નિયંત્રણ દ્વારા ડાયાબિટીસનું મેનેજમેન્ટ કરવું પણ જરૂરી છે.

Click Here

# TISSનો આંચકા જનક રિપોર્ટ : વર્ષ ૨૦૫૧માં મુંબઈમાં હિન્દુઓ ૧૨ ટકા ઘટશે, મુસ્લિમો ૧૦ ટકા વધી જશે

તાતા ઇન્સ્ટિટ્યુટ ઑફ સોશ્યલ સાયન્સિસ (TISS)ના રિપોર્ટથી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી પહેલાં અચાનક રાજકીય માહોલમાં ગરમાવો આવી ગયો છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે અત્યારે મુંબઈમાં ૬૬ ટકા હિન્દુ અને ૨૦ ટકા મુસ્લિમોની વસ્તી છે. છેલ્લાં કેટલાંક વર્ષમાં લાખો બંગલાદેશી અને રોહિંગ્યા મુસ્લિમો ગેરકાયદે મુંબઈમાં આવ્યા છે અને એમાં સતત વધારો થઈ રહ્યો છે એટલે ૨૦૫૧ સુધીમાં મુંબઈમાં હિન્દુઓની વસ્તીમાં ૧૨ ટકાનો ઘટાડો થશે તો એની સામે મુસ્લિમોની સંખ્યામાં ૧૦ ટકાનો વધારો થવાનો અંદાજ છે. એટલે કે ૨૦૫૧ સુધીમાં મુંબઈમાં હિન્દુઓની વસ્તી ૫૪ ટકા અને મુસ્લિમોની વસ્તી ૩૦ ટકા થઈ જશે.

મુંબઈના સ્લમમાં મોટા પ્રમાણમાં ગેરકાયદે વિદેશી મુસલમાનો આવી રહ્યા છે, જેને લીધે ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર ખૂબ પ્રેશર છે. ગોવંડી, માનખુર્દ, ધારાવી, કુર્લા અને માલવણી જેવા વિસ્તારમાં મોટા પ્રમાણમાં વિદેશી મુસ્લિમો આવીને રહે છે. એને કારણે આ વિસ્તારોમાં આર્થિક અસમાનતા ઊભી થઈ છે જેને લીધે સામાજિક તનાવ અને હિંસાની ઘટનાઓમાં વધારો થયો છે. ચોંકાવનારી વાત એ છે કે મુંબઈમાં મહિલાઓની પણ મોટા પાયે તસ્કરી કરવામાં આવતી હોવાનું રિપોર્ટમાં જણાયું છે.

# ચૂંટણી ટાણે જ મોંઘવારીના મારથી જનતા ત્રસ્ત

વિધાનસભાની ચૂંટણીની ગરમાગરમીમાં મોંઘવારીને કારણે વાતાવરણ વધુ તપવા લાગ્યું છે. છૂટક બજારમાં કાંદા ૮૦ રૂપિયા કિલો તથા લસણ ૫૦૦ રૂપિયાના દરથી વેચાઇ રહ્યા છે. ચૂંટણીના સમયે જ થયેલા આ ભાવવધારાને કારણે તમામ પક્ષના ઉમેદવારોની ચિંતામાં વધારો થયો છે.

પાછોતરા વરસાદનો ફટકો કાંદાના ઉત્પાદન પર પડયો છે અને આવક ઓછી થવાને કારણે ભાવમાં વધારો થયો છે.

બજાર સમિતિમાં એક અઠવાડિયા પૂર્વે કાંદા ૧૮થી ૪૮ રૂપિયા કિલોએ વેચાઇ રહ્યા હતા. હવે આ દર ૩૫થી ૬૨ રૂપિયા પર પહોંચ્યા છે. રિટેલ બજારમાં કાંદા ૭૫થી ૮૦ રૂપિયા કિલોએ વેચાઇ રહ્યા છે. હજી બે અઠવાડિયા સુધી કાંદાના ભાવ વધુ જ રહેશે, એવી શક્યતા વેપારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.

બીજી તરફ એક વર્ષથી લસણના દરમાં પણ તેજી જોવા મળી રહી છે. એપીએમસી બજારમાં લસણ ૨૨૦થી ૩૨૦ રૂપિયા કિલોના દરે વેચાઇ રહ્યા હતા. છૂટક બજારમાં લસણ ૫૦૦ રુપિયા કિલોના દરે વેચાઈ રહ્યાં છે. નવા વર્ષે નવો પાક બજારમાં નહીં આવે ત્યાં સુધી લસણના દરમાં કોઈ ઘટાડો થશે નહીં, એમ વેપારીઓનું કહેવું છે.

# રોડ કોંક્રીટાઈઝેશનના કામ ચૂંટણી બાદ જ શરૂ કરાશે

મુંબઈના તમામ રસ્તાઓનું સિમેન્ટ-કૉંક્રીટાઇઝેશન કરવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. જોકે હાલ વિધાનસભાની ચૂંટણીને પગલે અમલમાં આવેલી આચારસંહિતાને પગલે બીજા તબક્કામાં કૉંક્રીટાઈઝેશનના કરવામાં આવનારા કામ હવે ચૂંટણી બાદ જ શરૂ થવાની શક્યતા છે.

સુધાઈના અધિકારીના જણાવ્યા મુજબ હાલ ટ્રાફિક પોલીસ પાસેથી નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવવાથી લઈને જુદી જુદી યુટિલિટીઝના સ્થળાંતરના કામમાં મુશ્કેલી આવી રહી છે. આ મુદ્દાઓને ઉકેલવા માટે પાલિકા ઈલેટ્રિસિટી કંપની, ગેસ પુરવઠો કરનારી જેવી જુદી જુદી યુટિલિટીઝ કંપનીઓ સાથે ચર્ચા કરી રહી છે. સુધરાઈએ જરૂરી મંજૂરી મેળવવા માટે ટ્રાફિક કમિશનર સાથે એક સંયુક્ત બેઠકનું પણ આયોજન કર્યું છે.

સુધરાઈએ ચોમાસાની વિદાય સાથે જ ઑક્ટોબર મહિનામાં રસ્તાઓના કૉંક્રીટાઇઝેશનના કામ ચાલુ કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી. પહેલા તબક્કામાં પૂર્વ અને પશ્ચિમ ઉપનગરોમાં લગભગ ૩૨૪ કિલોમીટરના રસ્તાઓનું ૩૧ મે, ૨૦૨૫ સુધી કામ પૂરું કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. આ દરમિયાન બીજા તબક્કામાં ૩૦૯ કિલોમીટરના રસ્તાઓનો સમાવેશ થાય છે. પરંતુ જરૂરી મંજૂરી મેળવવામાં પાલિકાને મુશ્કેલીઓ આવી રહી છે. વર્ક ઓર્ડર બહાર પાડી દેવામાં આવ્યા છે.

# ૮૫ વર્ષથી વધુ વયના મતદારો માટે ઘરેથી મતદાનની શરૂઆત

મહારાષ્ટ્રમાં ૨૦મી નવેમ્બર, ૨૦૨૪ના થનારી વિધાનસભાની ચૂંટણી માટે ૮૫ વર્ષથી વધુ ઉંમરના તથા ૪૦ – ટકાથી વધુ દિવ્યાંગ એવા ૨૦૨ નાગરિકોએ થાણેમાં ઘરેથી મતદાન કર્યું હોવાનું વરિષ્ઠ ચૂંટણી અધિકારી રવિવારે જણાવ્યું હતું. . આઠ અને નવ નવેમ્બર, ૨૦૨૪ના આ શ્રેણીના લોકોએ ઘરબેઠા મતદાન કર્યું હોવાનું ડિસ્ટ્રિક્ટ કલેક્ટર એન્ડ ઈલેક્શન ઓફિસર અશોક શિંગારેએ જણાવ્યું હતું. વધુમાં તેમણે કહ્યું હતું કે ૨૦૨ નાગરિકોએ ઘર બેઠા

મતદાન કર્યું હતું, તેમાં ૮૫ વર્ષથી ઉપરના ૧૬૬ લોકો અને ૩૬ દિવ્યાંગ લોકોનો સમાવેશ થાય છે. મતદાનની ટકાવારી વધારવા માટે ભારતીય ચૂંટણી પંચે ઘરેથી મતદાન કરવાની. સગવડ ઉપલબ્ધ કરી આપી છે. થાણે જિલ્લામાં ૧૮ વિધાનસભાની બેઠકમાં ૯૩૩ મતદારોએ ઘરેથી મતદાન કરવા માટે પોતાના નામ રજિસ્ટર્ડ કરાવ્યા હતા. આઠ નવેમ્બર, ૨૦૨૪થી ઘરેથી મતદાન કરવાની પ્રક્રિયા ચાલુ કરવામાં આવી છે, જે ૧૭ નવેમ્બર સુધી ચાલુ રહેશે.

# મતદાતા ઝડપથી મતદાન કરી બહાર આવી જાય એ માટે ચૂંટણી પંચ પ્રયાસ રત

ચૂંટણીપંચે મતદાનકેન્દ્રમાં એક મતદાર ૪૫ સેકન્ડમાં મત નોંધાવી શકે એ માટેની તૈયારી કરી છે. મુંબઈ ટાઉનની તુલનાએ મુંબઈ સબર્બ્સમાં વધુ મતદારો છે એટલે મતદાનકેન્દ્રોમાં લાંબી લાઈન જોવા મળે છે.

મુંબઈ સબર્બન જિલ્લામાં વિધાનસભાની ૨૬ બેઠક છે અને અહીં મહિલાઓ અને પુરુષો મળીને કુલ ૭૬,૮૬,૦૯૮ મતદાર છે, જેમના માટે ૭૫૬૯ મતદાન કેન્દ્રો બનાવવામાં આવ્યાં છે. એટલે કે સરેરાશ દરેક મતદાનકેન્દ્રમાં ૧૦૦૦ જેટલા મતદાર હશે. ૨૫ મતદાન કેન્દ્રમાં અગાઉ સરેરાશ કરતાં ઘણા વધારે મતદારોનાં નામ હતાં એમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આથી અગાઉ જ્યાં ૧૨૦૦ કે એનાથી વધુ મતદાર એક મતદાનકેન્દ્રમાં હતા એમાં ઘટાડો થયો છે.

ચૂંટણીપંચના અધિકારીના જણાવ્યા મુજબ ઘણી વાર મતદાન કેન્દ્રમાં લાંબી લાઈન જોઈને લોકો મત આપ્યા વિના જ પાછા જતા રહે છે. આને કારણે મતદાનની ટકાવારી ઓછી રહે છે. લાઈનની સમસ્યાનો ઉકેલ લાવવા માટે દરેક મતદાનકેન્દ્રમાં ૪૫ સેકન્ડ એટલે કે પોણી મિનિટમાં જ મતદાન થઈ જાય એ માટેની તૈયારી કરવામાં આવી છે. આ તૈયારીને કારણોસર સબર્બ્સમાં ૭૦ ટકા મતદાન કરાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

# હાયપરયુરિસેમિયા (લોહીમાં યુરિક એસિડનું ઊંચું પ્રમાણ)

*અમે વારંવાર સ્થૂળતા (મેદસ્વીતા), પ્રિડાયાબિટીસ અને ડાયાબિટીસના દર્દીઓને ઉચ્ચ યુરિક સ્તર ધરાવતાં જોઈએ છીએ. હાઈપરયુરિસેમિયા ત્યારે થાય છે જ્યારે લોહીમાં યુરિક એસિડની માત્રા વધી જાય છે. ગંભીર કિસ્સાઓમાં યુરિક એસિડનું ઉચ્ચ સ્તર 'ગાઉટ' નામના પીડાદાયક સંધિવાના એક પ્રકારનું કારણ બની શકે છે*

*ગાઉટ એ એક પ્રકારનો સંધિવા છે જે લોહીમાં યુરિક એસિડના અતિશય સંચયને કારણે થાય છે. ગાઉટમાં શરીરના સાંધાઓમાં સોજો આવે છે અને તે ભાગમાં ખૂબ દુખાવો થાય છે.*

***લોહીમાં યુરિક એસિડનું સ્તર ઉચ્ચ થવાના કારણો છેઃ***

*૧.શરીરમાં પાણીના પ્રમાણમાં ઘટાડો (ડિહાયડ્રેશન)*

*૨.આલ્કોહોલનું વધારે પડતું સેવન*

*૩.સ્થૂળતા*

*૪.પેકેજ્ડ ખોરાકમાંથી ઉચ્ચ ફ્રુક્ટોઝનું સેવન.*

***આહાર અંગેની માર્ગદર્શિકા***

*૧. વધારે વજન હોવું એ ઉચ્ચ યુરિક એસિડનું જોખમ વધારવા માટેનું એક મુખ્ય પરિબળ છે. તેથી, ધીમે ધીમે વજન ઘટાડવાની સલાહ આપવામાં આવે છે.*

*૨. સમગ્ર દિવસ દરમિયાન નિયમિત*




*અંતરાલે પોષણયુક્ત સંતુલિત ભોજનનો સમાવેશ કરો*

*૩.આપના આહારમાં ગૂઝબેરી (આમળા), જામફળ અને નારંગી જેવા વિટામિન 'સી'થી સમૃદ્ધ ખોરાકનો સમાવેશ કરો કારણ કે તે યુરિક એસિડને ઘટાડવામાં મદદ કરી શકે છે.*

*૪.ડિહાઈડ્રેશન એ યુરિક એસિડના ઉચ્ચ સ્તરનું એક કારણ છે. સમયાંતરે યોગ્ય પ્રમાણમાં પાણી કે અન્ય પેય પદાર્થોનું સેવન કરીને હાઇડ્રેટેડ રહો.*

*૫.ઉચ્ચ ફ્રુક્ટોઝયુક્ત કોર્ન સિરપ ધરાવતા પદાર્થો જેવા કે એરેટેડ પીણાં, જ્યુસ, કેન્ડી, પેસ્ટ્રી, ડોનટ્સ અને કુકીઝનું સેવન ટાળો. આહારના પેકેટ ઉપર આપેલા લેબલને કાળજીપૂર્વક વાંચવાની ભલામણ કરવામાં આવે છે.*

*૬.વટાણા, પાલક, શતાવરી, કસ્ટર્ડ એપલ, સાપોટા, રીંગણ અને કોબીજ જેવા પ્યુરિનયુક્ત ખોરાક ટાળો.*

*૭.શારીરિક રીતે પ્રવૃત્ત રહો અને નિયમિત કસરત કરો. કોઈપણ પ્રકારની કસરત શરૂ કરતા પહેલા તમારા ડોક્ટર અને આહાર નિષ્ણાતની સલાહ લેવાની ભલામણ કરવામાં આવે છે.*

***સારાંશમાં***

*હાઈપરયુરિસેમિયામાં પર્યાપ્ત પાણી અને અન્ય પ્રવાહીઓનું સેવન(હાઈડ્રેશન) અને આલ્કોહોલના સેવનમાં ઘટાડા પર ધ્યાન કેન્દ્રિત કરવા સાથે સારી રીતે સંતુલિત આલ્કલાઇન આહાર કે જેમાં પ્યુરિનથી સમૃદ્ધ ખોરાક ઓછો હોય, ઉચ્ચ ફ્રુક્ટોઝ યુક્ત કોર્ન સીરપની માત્રા ઓછી હોય તેવા પદાર્થોનું સેવન કરવાની ભલામણ કરવામાં આવે છે. જો શરીરનું વજન વધારે હોય તો દર્દીઓને વજન ઘટાડવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.*

Click Here

# મહાવિકાસ આઘાડી-કોંગ્રેસના ઉમેદવાર
# રાકેશ શેટ્ટી સાથે એક મુલાકાત





*શાંતિલાલ નાકર*

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે મુલુંડ મતદાર ક્ષેત્રમાં જંગ બરાબરનો જામ્યો છે. અહીં ખાસ કરીને મહાવિકાસ આઘાડી(મવિઆ)-કોંગ્રેસના રાકેશ શેટ્ટી અને મહાયુતિ-ભાજપના ઉમેદવાર મિહિર કોટેચા વચ્ચે દ્વિપક્ષી મુકાબલો છે. આ સંદર્ભમાં મવિઆ-કોંગ્રેસના ઉમેદવાર રાકેશ શેટ્ટીએ ગુર્જરમાતને આપેલી એક્સક્લુઝિવ મુલાકાતની વિગત વાચકો માટે પ્રસ્તુત છે.

***ગુર્જરમાત : આપ મુલુંડ ઉપનગર સાથે કેવી રીતે જોડાયેલા છો?***

**રાકેશ શેટ્ટી :** હું મુલુંડ ઉપનગર સાથે મારા સેવા કાર્યો વડે જોડાયેલો છું. છેલ્લા ૧૮ વર્ષથી મુલુંડની જનતાની સુખાકારી માટે કોંગ્રેસના એક કાર્યકર્તા તરીકે અનેક કાર્યો કર્યાં છે. જેમાંના અમુક આ પ્રમાણે છે.

- બાલરાજેશ્વર મંદિરની પાછળના ભાગમાં પાઈપલાઈન પાસે ત્યાં આવેલાં ઝૂંપડા તોડીને ૪૦ ફૂટ પહોળો રોડ બાંધવાનો પ્રસ્તાવ હતો. અહીંના રહેવાસીઓને ચેમ્બુરમાં ઘર આપવામાં આવનાર હતા. મેં સત્તાવાળાઓ પાસે રજૂઆત કરી કે અહીં ૪૦ ફૂટ પહોળા રોડની જરૂરત નથી. ૨૦ ફૂટ પહોળો રોડ પૂરતો છે. શરૂઆતમાં તેમણે એ મંજૂર ન કરતાં મેં સ્થાનિક રહેવાસીઓ સાથે આંદોલન ચલાવ્યું જેના પરિણામ રૂપી છેવટે ૨૦ ફૂટ પહોળો રોડ બનાવવામાં આવ્યો. એમાં પણ જેમના ઘર ડિમોલીશ થયા તેમને ચેમ્બુરને બદલે મુલુંડમાં જ ઘર અપાવ્યા.

- જે.એન. રોડ પર એક માળ જેટલો ઊંચો સ્કાય વોક બાંધવાનો પ્રસ્તાવ હતો અને ૮.૫ કરોડનો ખર્ચ કરીને તેનું કામ પણ શરૂ થઈ ગયું હતું. આ સ્કાય વોકને લીધે અહીંના રહેવાસીઓ અને દુકાનદારોને ખૂબ મુશ્કેલી પડી રહી હતી. જનતા અને ખાસ તો વરિષ્ઠ નાગરિકો માટે આટલે ઊંચે ચડવું પણ તકલીફભર્યું હતું. તેથી આ સ્કાય વોકનું કામ બંધ કરી આ પ્રોજેક્ટને પડતો મુકવા માટે મેં આંદોલન ચલાવ્યું અને છેવટે એ પ્રોજેક્ટ પડતો મૂકવામાં આવ્યો. મુંબઈમાં અનેક ઠેકાણે આવા નકામાં સ્કાય વોક બનાવવામાં આવ્યા છે પરંતુ ફક્ત મુલુંડમાં જ તેને ઉગ્ર આંદોલન દ્વારા રોકવામાં આવ્યો.

- મુલુંડ ઇસ્ટ સ્થિત PNGP કોલોનીના ૪૫૦ ફ્લેટની હાલત ખૂબ જીર્ણ થઇ ગઈ હતી. તેને ડીમોલીશ કરીને રિડેવલપ કરવા માટેની નોટીસ આપવામાં આવી હતી ત્યારે મેં ત્યાંના રહેવાસીઓ વતી મહારાષ્ટ્રના તત્કાલીન મુખ્યપ્રધાન પૃથ્વીરાજ ચૌહાણ પાસે એ વિસ્તારમાં જ ઘર અપાવવાની રજૂઆત કરી જેના પરિણામ સ્વરૂપે તેમને ફક્ત 3000 રૂપિયાના માસિક ભાડાથી એ વિસ્તારમાં ઘર અપાવ્યા જેમાં આજે ૧૦ વર્ષથી તેઓ વસવાટ કરી રહ્યા છે.

- મુલુંડ ઇસ્ટ સ્થિત સહાની કોલોનીમાં ૪૫૦ જેટલા નાગરીકો રહે છે. આ કોલોનીના માલિકે બિલ્ડીંગનું મેન્ટેનન્સ બંધ કર્યું હતું. તેની યોજના હતી કે બિલ્ડીંગ સી-વન કેટેગરીમાં જશે તો ડીમોલીશન કરાવીને નવી બિલ્ડીંગ બાંધીશ. તે પ્રમાણે બીએમસી સાથે સાંઠગાંઠથી રહેવાસીઓને જગા ખાલી કરવાની નોટીસ આવી. એ સમયે મેં રહેવાસીઓ સાથે રહીને આંદોલન ચલાવ્યું અને એ નોટીસ પાછી ખેંચાવી.

- વર્ષો પહેલાં ચેકનાકાની વસ્તીમાં વધારો થતાં ત્યાં વસતા ૮૦૦ જેટલા લોકોને લક્ષ્મીનગરમાં શિફ્ટ કરવામાં આવ્યા. પરંતુ તેમની પાસે એ જગ્યા સંબંધી કોઈ કાગળ પત્રો હતા નહીં. મેં તેમને તેમનું રહેઠાણ રેગ્યુલરાઈઝ કરાવવા સફળ આંદોલન ચલાવ્યું અને આ બાબતે કલેક્ટરને મળીને તેમને ન્યાય અપાવ્યો. આજે ૧૦ વર્ષથી એ લોકો કાયદેસર ત્યાં રહે છે.

- ૨૦૧૪માં મુલુંડ વેસ્ટ સ્થિત હનુમાન પાડા, રાહુલનગર વિસ્તારમાં ૨૭ હજાર ઘર તોડી પાડવાની નોટીસ આપવામાં આવી. તે સમયે મેં ત્યાંના રહેવાસીઓનું પુનર્વસન મુલુંડમાં જ કરવામાં આવે એ માટે આંદોલન ચલાવ્યું. આ બાબતે મેં તત્કાલીન મુખ્યપ્રધાન પૃથ્વીરાજ ચૌહાણ અને બાળાસાહેબ થોરાત પાસે રજૂઆત કરીને રહેવાસીઓનું પુનર્વસન મુલુંડમાં જ કરાવ્યું.

***ગુર્જરમાતઃ આપે રાજકારણમાં પ્રવેશવાનો નિર્ણય કેમ લીધો?***





Click Here

# મહાવિકાસ આઘાડી-કોંગ્રેસના ઉમેદવાર
# રાકેશ શેટ્ટી સાથે એક મુલાકાત





**રાકેશ શેટ્ટી:** ઉપર જણાવેલા એવા અનેક સેવાકાર્યો મેં કોંગ્રેસના એક કાર્યકર તરીકે કર્યા છે.તેથી ચૂંટાઈને જો હું મુલુંડની જનતાનો પ્રતિનિધિ બનું તો હું પ્રજાની વધુ સારી રીતે સેવા કરી શકું એ ઈરાદાથી મેં રાજકારણમાં પ્રવેશવાનો નિર્ણય લીધો.

***ગુર્જરમાત: ચૂંટણીમાં વિજયી થશો તો તમે કઈ બાબતને પ્રાથમિકતા આપશો?***

**રાકેશ શેટ્ટી:** હું જો ચૂંટાઈશ તો સૌ પ્રથમ PAP અને ધારાવી રિડેવલપમેન્ટના અસરગ્રસ્તોનું મુલુંડમાં પુનર્વસન નહીં થવા દઉં. તેમના પુનર્વસનથી મુલુંડની પાયાભૂત સુવિધાઓ ખોરવાઈ જશે. ક્રાઈમ રેટ વધશે. તેના માટે ફાળવેલી ડમ્પિંગ ગ્રાઉન્ડ, ઓકટ્રોય નાકા અને સોલ્ટ પેનની જમીન પર ક્રિકેટ ગ્રાઉન્ડ, ફૂટબોલ ગ્રાઉન્ડ, ગાર્ડન જેવી પ્રજાલક્ષી સુવિધાઓ ઉભારવામાં આવશે. મુલુંડને અનઓર્ગનાઈઝડ ધારાવી બનાવવા માગતા અદાણીને નો એન્ટ્રી.

આ ઉપરાંત મુલુંડમાં પાઘડી-ભાડા વાળા મકાનોમાં રહેતા ભાડૂતોની સમસ્યા ખૂબ વિકટ છે. મકાન માલિકો સત્તાવાળાઓ સાથે મળીને બિલ્ડીંગ સી-વન કેટેગરીમાં મૂકાવે છે. મકાનનું ડિમોલીશન થયા પછી રિડેવલપમેન્ટમાં ભાડૂતો સાથે નથી એગ્રીમેન્ટ કરાતું કે નથી તેમને કોઈ ભાડું આપવામાં આવતું. આ એક સ્કેમ છે. હાલ મુલુંડમાં આવા ૭૨ મકાનોનું ડીમોલીશન થયા પછી નવા બિલ્ડીંગનું બાંધકામ શરૂ નથી થયું. ભાડૂતોને ઓછામાં ઓછી ૪૫૦ ફૂટ જગ્યા મળવી જોઈએ. અમે આ સંબંધી યોગ્ય પોલિસી બનાવશું. આ મકાનોના ૭૦થી ૮૦ ટકા ભાડૂતો ગુજરાતી છે.

શિક્ષણ ક્ષેત્રે મુલુંડમાં હાલ બીએમસી સંચાલિત મુંબઈ પબ્લિક સ્કૂલ્સની સંખ્યા ૨-૩ છે જે વધારીને ૧૨-૧૨ કરવામાં આવશે.આરોગ્ય ક્ષેત્રે જોઈએ તો મુલુંડના છ એ છ નગરસેવકોના હોવા છતાં અને 300 કરોડ રૂપિયા ખર્ચાયા હોવા છતાં બીએમસી સંચાલિત અગ્રવાલ હોસ્પિટલનું કામ વર્ષોથી પૂરું નથી થયું. એ જ રીતે મુલુંડ ઇસ્ટ સ્થિત સાવરકર હોસ્પિટલમાં મૂળભૂત સુવિધાઓનો પણ અભાવ છે, અહીં દવા નથી, એક્સ-રે નથી દરેક વસ્તુ માટે દર્દીઓના કુટુંબીજનોએ બહાર જવું પડે છે. મુલુંડની ઝુંપડપટ્ટીઓમાં ગટર, પાણી અને ગંદકીની સમસ્યાઓ છે. આ સમસ્યાઓને હાલ કરીને ઝુંપડપટ્ટીઓને એસઆરએનો લાભ આપવામાં આવશે. આ સર્વ બાબતો મારી પ્રાથમિકતા રહેશે.

***ગુર્જરમાત: વિધાનસભાની ચૂંટણી માટે આપના પક્ષનો મેનિફેસ્ટો શું છે?***

**રાકેશ શેટ્ટી:** મહાવિકાસ આઘાડીના મેનિફેસ્ટોમાં લોક-કલ્યાણની અનેક બાબતો છે. જેમાં મુખ્ય છે, રાજ્યમાં મહિલાઓને દર મહીને રૂ. 3000 આપવામાં આવશે. તેમને સ્ટેટ ટ્રાન્સપોર્ટ (એસટી) અને બીઈએસટીમાં મફત પ્રવાસ કરવાની સુવિધા આપવામાં આવશે. દરેક કુટુંબને ૨૫ લાખ રૂપિયાનું હેલ્થ ઈન્સ્યોરન્સ કવર આપવામાં આવશે જેમાં તેઓ પ્રાઈવેટ હોસ્પિટલ્સમાં પણ સારવાર લઈ શકશે. આ ઈન્સ્યોરન્સનું પ્રિમીયમ સરકાર દ્વારા ભરવામાં આવશે.

***ગુર્જરમાત: આવનારા પાંચ વર્ષમાં આપ મુલુંડને કેવા ઉપનગર તરીકે જોવાનું સપનું સેવો છો?***

**રાકેશ શેટ્ટી:** આવનારા પાંચ વર્ષમાં મુલુંડ ઉપનગર ઝુંપડપટ્ટીમુક્ત (સ્લમ ફ્રી) હોય, પાઘડી-ભાડાના મકાનોના ભાડૂતોને ઓનરશીપની ૪૫૦ ફૂટ જગા મળે તે માટે યોગ્ય પોલીસી હોય અને મુલુંડ એક સર્વ સુવિધાઓ સાથે વિકસિત ઉપનગર હોય એવું મારું સપનું છે.







Click Here

# શ્રી સમર્થ સ્વામી સેવા સામાજિક સંસ્થા આયોજિત સામૂહિક શ્રીમદ્ ભાગવત સપ્તાહ કથા ભવ્ય ઉત્સાહ સાથે પૂર્ણ થઈ















શ્રી સમર્થ સ્વામી સેવા સામાજિક સંસ્થા મુલુંડ (રજિ.) આયોજિત સામૂહિક ભાગવત સપ્તાહ કથા મહોત્સવ તા.૩ નવેમ્બર રવિવારના ભવ્યતાથી પોથી યાત્રા બાદ કથાનો પ્રારંભ અતિ ઉત્સાહ ભર્યા માહોલમાં થયો.

સપ્તાહ દરમ્યાન પ્રસંગ ઉત્સવોમાં શ્રી રામ જન્મ તથા શ્રી કૃષ્ણ જન્મ તા.૬ નવેમ્બર બુધવાર અતિ હર્ષોલ્લાસ માહોલમાં ઉજવાયો. જેના દાતા શ્રી ધનેશ કોઠારી પરિવાર તથા શ્રી કમલતાઈ પરશુરામ મિરેકર પરિવાર સહયોગી રહ્યાં હતા.

તા.૭ નવેમ્બર ગુરૂવારના ગોવર્ધન પૂજા સાથે અન્નકૂટ ઉત્સવના યજમાન પરિવાર તરીકે શ્રીમતી વનિતા પુનેશ્વર મેશ્રામ પરિવાર, શ્રીમતી કમલબાઈ પરશુરામ મિરેકર પરિવાર તથા એક શુભેચ્છક દાતા પરિવાર સહયોગી રહ્યાં હતા.

તા.૮ નવેમ્બર શુક્રવારના રૂક્ષ્મણિ વિવાહનો ભવ્ય ઉત્સવ હર્ષોલ્લાસથી યજમાન દાતા પરિવારના સાથથી ઉજવાયો. જેમાં સહયોગી દાતા તરીકે શ્રી રાજેશભાઈ ઠક્કર, શ્રીમતી કમલતાઈ પરશુરામ મિરેકર પરિવાર, શ્રીમતી વનીતા પુનેશ્વર મેશ્રામ પરિવાર તથા એક શુભેચ્છક પરિવાર હતા.

તા.૯ નવેમ્બર રવિવારના પૂર્ણાહુતિ દિવસે કથા વાંચન સવારના ૯.૩૦ થી ૧ દરમ્યાનમાં સુદામા ચરિત્ર પ્રસંગનું ભાવ સભર કથન પ્રમુખ વક્તા પૂ.આશિષભાઈ વ્યાસના મુખેથી થયું. ત્યારબાદ કથાને વિરામ અપાયું હતું. ત્યાર પછી ભોજન પ્રસાદની સેવા શ્રી પ્રવીણભાઈ કાનજી તન્ના જયસિયારામના સહયોગથી અપાઈ હતી. હવન, દશાંશ યજ્ઞ સાંજે ૫ થી ૭ બાદ બ્રહ્મ ભોજન દાતા સ્વ.કેશવજીભાઈ ચાગપાર દવાવાળાના મુખ્ય યોગદાનથી થયું હતું.

કથા દરમ્યાન શ્રી નારાયણ સેવા મંડળ દ્વારા દરરોજ મેડિકલ કેમ્પમાં નિઃશુલ્ક ડાયાબિટીસ, બી.પી.ચેકઅપ તેમજ રાહત દરે બ્લડ ટેસ્ટ કરી આપવામાં આવ્યા હતા.

ભાગવત સપ્તાહના પ્રારંભથી પૂર્ણાહૂતિ દરમ્યાન વિવિધ જ્ઞાતિ સમાજના અગ્રણીઓ, સામાજિક સંસ્થાના અગ્રણીઓ, રાજકીય અગ્રણીઓ પધારી દર્શન, કથા શ્રવણ અને પ્રસાદનો પુણ્યવંત લાભ લઈ કૃતાર્થ થયાં હતા.

જેમાં મુખ્યત્વે ધારાસભ્ય મિહિર કોટેચા, સ્થાનિક રાજકીય અગ્રણી રાકેશ શેટ્ટી, જગદીશ શેટ્ટી, પ્રીતિબેન આથા, મૂળરાજભાઈ આથા, શીતલબેન અને મેહુલભાઈ સોમૈયા, આરતીબેન અને સંજયભાઈ ઠક્કર, જયંતભાઈ મજેઠિયા, અમિતભાઈ રૂખાણા સજોડે પધાર્યા હતા. હિતેશભાઈ કનૈયા મેડિકલ, મંગલભાઈ ભાનુશાલી પરજાઉવાળા, માતાના મઢના ટ્રસ્ટી ચર્તભુજભાઈ કટારિયા, મેઘજીભાઈ અને પ્રેમજીભાઈ પટેલ, મહેન્દ્રભાઈ પટેલ, જીતુભાઈ પટેલ, ગંગાબેન પટેલ, કલ્પનાબેન પટેલ, સમાજસેવક અને અગ્રણી ઉદ્યોગપતિ હિરાલાલ મૂળજી મૃગ, શરદરામ સેજપાલ, દિનેશભાઈ ભાનુશાલી, પ્રકાશભાઈ દાવડા, જમનાદાસ ડોસાભાઈ ગણાત્રા, કનૈયા મારાજ અંબેધામ વાળા, પ્રવીણ મહારાજ, કમલબેન ભારતીબેન ઠક્કર સોમૈયા પરિવાર, ગોવિંદભાઈ ભાનુશાલી બુટ્ટાવાલા, સ્થાનિક પત્રકારો સુભાષભાઈ શાહ, બિપિન પંચાલ, ભાનુશાલી સેવા સમાજ મુંબઈ તથા મુલુંડના અગ્રણીઓ, શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈના પ્રમુખ નીતિનભાઈ ગોદાવરીબેન ગંગારામ પાંધી, ટ્રસ્ટીશ્રીઓ અને કારોબારી પદાધિકારીઓ અને સભ્યો, મુલુંડ લોહાણા સમાજના કમિટી મેમ્બર્સ, શ્રીજી જ્વેલર્સના અર્પિતભાઈ, સાઈ શ્રધ્ધા ગાયત્રી મંડળ-મુલુંડની બહેનો ઈત્યાદી સૌ પધારી ધન્ય લાભ લીધો હતો.

શ્રીમદ ભાગવત કથાની સમગ્ર આયોજન વ્યવસ્થા શ્રી સમર્થ સ્વામી સેવા સામાજિક સંસ્થાના પ્રમુખ અને પ્રખર સમાજસેવક એડવોકેટ સંજયભાઈ માળી, નીતાબેન સોલંકી અને સમગ્ર ટીમે પોથી યજમાનોની તથા પધારેલ મહાનુભાવ મહેમાનોની તમામ વ્યવસ્થાઓ અતિ સુચારૂ પણે સાચવી હતી.





Click Here

# જૈન શાસનની મૂળભૂત પાયાની ધરોહર એટલે આપણી પાઠશાળાઓ



## સંગિની સૌરભ

સંકલન - હિના પારેખ
મો.૯૯૬૭૪૫૯૫૧૫



- બીના કીર્તિ શાહ

**ભૌતિક પદાર્થોની કામનાની સાથે સાથે આધ્યાત્મિક રીતે જીવનમાં કેવી રીતે આગળ વધી શકાય તેનું સરનામું પાઠશાળા.**

જે સાકારમાં મીઠાશ નથી, તે સાકર નથી
જે પુષ્પ માં સુવાસ નથી તે પુષ્પ નથી
જે ઔષધ માં ગુણ નથી તે ઔષધ નથી
અને જે માનવ માં સમ્યગ઼જ્ઞાન નથી તે માનવ નથી''

આવું સમ્યગ઼જ્ઞાનને પ્રાપ્ત કરવાનું વર્તમાનકાલીન શ્રેષ્ઠ પ્લેટફોર્મ એટલે

''સંસ્કાર શાળા અર્થાત્ પાઠશાળા''

આજના આધુનિક જીવનમાં વસ્તુ તો સરળતાથી મળી જાય છે પણ આપણી યુવા પેઢી બહુ જલ્દી થી ભટકી પણ જાય છે.

તો તેમને પાઠશાળા લઇ જઇએ. નહિ કે કટ્ટરતાથી ધર્મને અનુસરવા પણ એક નવો વિચાર આપીને તેમનામાં સંસકારનું સિંચન કરવા માટે..પાઠશાળા જવા માટે કોઈ ઉંમરનો બાધ નથી હોતો. મેં તો ૩ વર્ષ થી માંડીને ૬૦ વર્ષનાને પણ પાઠશાળા જતા જોયા છે.

આજની યુવા પેઢીને ભગવાનની બીક નથી રહી કે શ્રદ્ધા નથી રહી ..જો તેમનામાં અત્યારથી જ ધર્મના સંસ્કારનું સિંચન કરવામાં આવશે તો સમય જતા તેમને માનસિક પરિતાપનો સામનો નહિ કરવો પડે.

પાઠશાળા એટલે જીવનમાં સાત્વિક રીતે કેવી રીતે જીવવું તેની શાળા.

ભૌતિક પદાર્થોની કામનાની સાથે સાથે આધ્યાત્મિક રીતે જીવનમાં કેવી રીતે આગળ વધી શકાય તેનું સરનામુ પાઠશાળા. અરે ભગવાન આગળ જઈને તમારે શું બોલવું , શું કરવું તેની માહિતી આપનાર શાળા એટલે પાઠશાળા.સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ અત્યારે અતિ દુર્લભ છે, તેવા જ્ઞાનની સમજણ આપનાર એટલે પાઠશાળા.

અત્યારના સમયમાં માં-બાપ તેમના બાળકોને જુદી જુદી પ્રવૃત્તિમાં એટલા વ્યસ્ત કરી દે છે કે પાઠશાળા માટેનો સમય જ નથી હોતો. મા-બાપ જ પોતાના બાળકને તૈયાર નથી કરી રહ્યા પાઠશાળા જવા માટે. જે સદંતર ચલાવી ના લેવાય. દરેક ધર્મમાં પાઠશાળા હોય છે, મુસ્લિમ ધર્મમાં તો ફરજીયાત કુરાન પઢવા જવાનું હોય છે. શું કામ આપણે આપણા બાળકોને પાઠશાળા મુક્તા ખચકાઈએ છીએ અથવા તો શરમાઈએ છીએ. કેમ નથી ગમતું આપણને કે બટાકા ડુંગળી ખાવાની બાધા લઈને આવે તે કે પછી આપણે તૈયાર નથી આપણા જ જિન-શાસનને બચાવવા માટે કે પછી આપણે જ સહમત નથી આપણા ગુરૂ-ભગવંતોએ બતાવેલ માર્ગને અનુસરવા માટે.

અરે ભગવાન સાથે વાત કરતા તો આપણે જ તેમને શીખવાડવાનું છે.. અને પછી આગળ જતા તે જ યુવા પેઢી એક શ્રાવક, એક સંસ્કારી માણસ અને એક ઉત્તમ નાગરિક બનશે..બાલ્યવય માં જે બાળકો પાઠશાલા ના માધ્યમે આ સમ્યગ઼જ્ઞાન પ્રાપ્ત કરે છે તે ઉદ્યોગ, વ્યાપાર, સમાજ વગેરે વ્યવહાર જગતમાં તો અભૂતપૂર્વ પ્રગતિ કરે છે અને સાથે સાથે પોતાના સુસંસ્કારો દ્વારા પરિવાર, ધર્મ અને સમાજ ની ગરિમાને પણ વધારે છે.

જિનશાસન માં સમ્યગ઼જ્ઞાન મેળવવાનો મુખ્ય સ્ત્રોત પાઠશાળા છે. તેનું સ્થાન હૃદયના સ્થાને છે. નાની ઉંમરથી જ બાળકો પાઠશાળામાં જોડાય અને સૂત્રના જ્ઞાનની સાથે સુસંસ્કારોનું પણ સિંચન થાય તો એ સુસંસ્કારિત થયેલું બાળક જયારે આગળ વધે અને એના દ્વારા પરમાત્મા ઉપર શ્રદ્ધા વધે ત્યારે સમ્યગ઼દર્શન પ્રગટ થાય છે. ત્યાર બાદ પરમાત્મા એ દર્શાવેલી આવશ્યક ક્રિયાઓમાં પોતે પુરૂષાર્થ કરે ત્યારે સમ્યગ઼ ચારિત્ર પ્રગટ થાય છે. આમ થતા પોતાનું જીવન ઉજમાળ બનાવી મોક્ષ માર્ગે આગળ વધે છે. તેથી જ આપણા ગુરુ ભગવંતો, શ્રી સંઘો આવું ઉત્તમ પ્રભુ વચનો રૂપી સમ્યગ઼જ્ઞાન મેળવા માટે પાઠશાળાઓ ઉપર ખૂબ જ ભાર આપી રહ્યા છે. આવું જ્ઞાન મેળવા માટે કોઈ ઉંમર નથી. અબાલ, યુવાનો અને વૃદ્ધ પણ તેનું લાભ લઇ શકે છે અને સૌ પોતપોતાની શક્તિ મુજબ અભ્યાસ કરે.

અને પાઠશાળા જવાના બે ફાયદા છે.. બાજુમાં તો દેરાસર છે. ભગવાનને તો મળી જ લેવાનું અને સાથે થોડુંક જ્ઞાન મેળવી લેવાનું કેટલી વાર લાગે. બીજી કેટલીયે પ્રવુતિ (સ્કેટિંગ, ચિત્ર-કામ,નૃત્ય, ટેનિસ વગેરે) આપણે કરાવીએ છીએ તો. ધાર્મિક કેમ નહિ.બાળકને માનસિક રીતે મજબૂત તો બનવાનું છે. ત્યારે જ તેઓ સર્વ કુશળ વ્યક્તિ બની શકે. પાઠશાળાના ગુરુનો બહુ મોટો મહત્વ પૂર્ણ ભાગ છે. યુવા પેઢીને તૈયાર કરવામાં માત્ર સૂત્રો ના કરાવતા, સ્તુતિ, સ્તવન અને ધાર્મિક વાર્તા, વાતો બાલ માનસને પકડી રાખશે પાઠશાળા આવવા માટે સાથે સાથે વાલીઓ પણ થોડુંક ધાર્મિક અભ્યાસ કરે તો માતા પુત્ર/પુત્રી બંનેનો સમકિત જ્ઞાન પ્રત્યે અહોભાવ જાગશે.. પિતા પણ તેમના સંતાનને લઈને પાઠશાળા જઈ શકે છે. ધર્મ જ આધુનિક માણસનું સાચું શસ્ત્ર છે. તે જ તેમને સાદાઈ, શાંત અને ધીર ગંભીર બનાવશે. વૈશ્વિક શાંતિ માટે ધર્મને અનુસરવું જરૂરી છે.

સંસ્કાર વિનય વિવેક નું કેન્દ્ર

સમ્યક એટલે કે સાચી સમજ આપતું સરનામું

સાચા મિત્રો એટલે કે જૈન ધર્મમાં કલ્યાણ મિત્ર મેળવવાનું મૂળ સ્થાન જ્યાં આગળ આત્માને પરમાત્મા બનવાની. હરીફાઈ ચાલતી હોય એજ છે. આપણા જૈનોની અદ્દભુત યુનિવર્સિટી જ્યાં માનવતાની ડિગ્રી મળે છે,

પાઠશાળા એ જીવનના ઘડતર અને સમજણની પાઠશાળા છે. આ ભાગતી જિંદગીમાં તે માનસિક શાંતિ માટે અમૃત સમાન ઝરણું છે. આ જ્ઞાનની ધરાને સુકાવવા ના દઈએ ચાલો પાઠશાળા જઇએ.

કંઈ પણ જિન શાસન વિરૂદ્ધ જાણતા-અજાણતાં લખાયેલ હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ...

## ગોરેગામ (પ.)માં સૌપ્રથમવાર સામૂહિક ૧૧ દીક્ષાનો રાજપથ રાજવૈભવી ઉત્સવ

શ્રી જવાહરનગર જૈન શ્વે.મૂર્તિ સંઘ ગોરેગામ (પ)ના ગુન્દેચા આરાધના ભવનમાં ચાતુર્માસસાર્થે બિરાજમાન અધ્યાત્મનિષ્ઠ પૂ.ગચ્છાધિપતિ આ.ભ.શ્રી વિજય કલ્પતરૂસૂરીશ્વરજી મહારાજા, આત્મહિતદેશક પૂ.આ.શ્રી વિ.તીર્થભદ્રસૂરીશ્વરજી મ.સા.ને શ્રી ચિંતામણી પાર્શ્વનાથ શ્વે.મૂર્તિ સંઘ ગોરેગામ (પ) સંઘના લાડલા મુમુક્ષુ આર્ય મહેતાની દીક્ષા સાથે વધુ દીક્ષાના લાભની વિનંતી કરતા પૂ.શ્રીએ સંઘની ઝોળી ભરી દીધી. સાથે પાવન અનુજ્ઞા નિશ્રા પ્રદાન ૧૧ દીક્ષાના રાજપથ ઉત્સવ માટે કરી. ૧૧ મુમુક્ષુના રાજપથના રાજવૈભવી ઉત્સવમાં આજે બુધવાર તા.૧૩ નવેમ્બરના રોજ મંગલપ્રવેશ વધામણા શાંતિસ્નાત્ર મહાપૂજન, ગોરેગામના બાળકો એક મંચ ઉપર મેગા કિડ સિમ્ફની ગુરૂવાર તા.૧૪ નવેમ્બરના રોજ શ્રાવક જીવનથી શ્રમણ જીવનની યાત્રા, સમૂહ ૨ સામાયિક, શુક્રવાર તા.૧૫ નવેમ્બરના રોજ પૂ.ગચ્છાધિપતિ સહિત વિશાળ શ્રમણ-શ્રમણી ભગવંતોનું ચાતુર્માસ પરિવર્તન કલાપૂર્ણ નગરીમાં, શત્રુંજ્ય રચના ભાવયાત્રા, મુમુક્ષુઓની છાબ મંગલવિધિ, રાજાશાહી સાંજી, ધ ડિવાઈન નાઈટ, મહાઆરતી શનિવાર, તા.૧૬ નવેમ્બરના રોજ મુમુક્ષુઓનો વરઘોડો, કલાપૂર્ણ નગરીમાં ધર્મસભા, ઉપકરણના ચઢાવા, મુમુક્ષુઓનો વિદાય સમારોહ રવિવાર, તા.૧૭ નવેમ્બરના રોજ મુમુક્ષુઓનો મંડપ પ્રવેશ તથા દીક્ષા વિધિનો પ્રારંભ, તા.૧૩ નવેમ્બરથી તા.૧૭ નવેમ્બર સુધીનો ૧૧ મુમુક્ષુઓની રાજપથ રાજવૈભવી દીક્ષાનો ઉત્સવ ગોરેગામ (પ) કલાપૂર્ણનગરી, બાંગુરનગર, લક્ષ્મી સરસ્વતી ગ્રાઉન્ડ, મહારાજા અગ્રસેન માર્ગ બાંગુર નગર સ્થળે સૌ પ્રથમવાર ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

### હરીશ ખોંભડીયા પ્રસ્તુત
### ઈર્શાદ ગઝલ કોર્નર...

લ્યો આવી ગઈ દેવ દિવાળી દર વર્ષે આવે તેમ,
આ વખતે તો સ્વયં પ્રગટીએ ચલો દીવાની જેમ.
ઉદાસીઓના ફટાકડાઓ
ઝટપટ ફોડી દઈને,
ચહેરા ઉપર ફૂલઝડી સમ
ઝરતું સ્મિત લઈને;
કોઈ પણ કારણ વિના જ કરીએ એકમેકને પ્રેમ
આ વખતે તો સ્વયં પ્રગટીએ ચલો દીવાની જેમ.
સૌની ભીતર પડ્યો હોય છે
એક ચમકતો હીરો,
ચલો શોધીએ ભીતર જઈને
ખુદની તેજ-લકીરો;
ભીતર ભર્યું જ છે અજવાળું
ના ઝળહળીએ કેમ?
આ વખતે તો સ્વયં પ્રગટીએ ચલો દીવાની જેમ.



શ્રી અનિલ ચાવડા
સંકલન :હરીશ ખોંભડીયા

## પ.પૂ.મુનિરાજજી શ્રી વિશ્વાનંદવિજયજી મ.સા.ની શ્રી સંયમજીવનની ૫૦ ચાર્તુમાસની સફળ યાત્રા શરૂ

શ્રી પ્રેમ ભુવન જયઘોષ સમુદાયના પ.પૂ.ગચ્છાધિપતિ આ.શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞામાં ધાર્મિક શુભ કાર્યોના પ્રેરક પ.પૂ. મુનિરાજજી શ્રી વિશ્વાનંદવિજયજી મ.સા. પૂ.મુનિરાજજી શ્રી હેમકીર્તી વિજયજી મ.સા. આદિ ઠાણા-૨ થાના (પ) ઘોડબંદર રોડના વિખ્યાત તીર્થધામ શંખેશ્વર પાર્શ્વનાથમાં ચાતુર્માસાર્થે બિરાજમાન છે. તીર્થધામમાં શ્રધ્ધા-ભક્તિ-ભાવથી ભક્તજનો અને યાત્રિકો મોટી સંખ્યામાં વિવિધ પૂજનો કરવા પધારે છે, જૈન ધર્મના ધાર્મિક પુસ્તકો અહીં સંગ્રહ થયેલ હોવાથી જિનશાસનના જિજ્ઞાસુ રસિક વર્ગની અવર જવર થતી હોય છે. ધાર્મિક પુસ્તકો વિતરણ થાય છે. પ.પૂ.મુનિરાજજી શ્રી વિશ્વાનંદવિજયજી મ.સા.ના સંયમજીવનની ૫૦ ચાતુર્માસની સફળ યાત્રાની ગાથા સાથે વ્યાખ્યા ન સાંભળવા મોટી સંખ્યા શ્રોતાઓની જમાવટ થતી રહે છે.

મેન માર્કેટમાં
૫૦૦ સ્કે.ફીટ
દુકાન ભાડેથી
જોઈએ છે
Contact
9969514020
BB-2

1 BHK રેડી ફ્લેટ 99 લાખ
તદ્દન નવી બિલ્ડિંગમાં
Office Wadhwa The Gateway
Sale/Rent Availabe
2 BHK 1.50 cr.
3 BHK 1.90 cr.
ઓબેરોય 3,4 BHK ભાડેથી
તેમજ વેચાણથી મળશે
9969514020
BB-3

Click Here

Owner, Printer and Publisher : **Jayant Vasanji Chheda** • Printed at : **MID DAY Infomedia Limited,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701.
• Published from 601, Abhinandan Apt., Sambhav CHS, Sarvoday Parshwanath Nagar, Mulund (West), Mumbai-400 080. • **Editor : Jayant V. Chheda • R.N.I. Regn. No. 69568/98**

# ભગવતાચાર્ય પૂજ્ય આશિષભાઇ વ્યાસ મિહિર કોટેચાના કાર્યાલયમાં પધાર્યા અને વિજય માટેના આશીર્વાદ આપ્યા






ભગવતાચાર્ય પૂજ્ય આશિષભાઇ વ્યાસએ વિધાનસભ્ય મિહિર કોટેચાના કાર્યાલયની મુલાકાત લીધી હતી અને એમને આશીર્વાદ આપ્યા હતા. પ્રચારકાર્યમાં વ્યસ્ત રહેતા મિહિરભાઇને પૂ.આશિષભાઇના સાંન્નિધ્યમાં શાંતિ અને સુકુનની અનુભૂતિ થઇ હોવાનું મિહિરભાઇએ જણાવ્યું હતું.

પૂ.આશિષભાઇ વ્યાસએ મિહિર કોટેચાને વિજય માટેના વિશેષ આશીર્વાદ આપ્યા હતા અને એને પગલે પોતે વધુ ઉર્જા સાથે પ્રચારકાર્યમાં મશગૂલ થશે એવું મિહિર કોટેચાએ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે મુલુંડના સર્વાંગી વિકાસ માટે હું સદાય કટિબદ્ધ રહીશ.

આ અવસરે શ્રીમતી પાયલબેન કોટેચા, લોહાણા સમાજ અગ્રણી રાજેશભાઈ જમનાદાસ અનમ, બિલ્ડર હિતેશ ભાઈ જાદવજી ઠક્કર, પંડિત દીપક મારાજ ખરાશંકર પંડ્યા ઈત્યાદી ઉપસ્થિત રહ્યાં હતાં.

REQUIRED
OFFICE ASSISTANT
(MALE or FEMALE)
FOR MULUND OFFICE
Candidate should be expert in
✧ Quotations &
Self Correspondence
✧ maintaining Accounts
Send detailed CV on :
Mobile : 9820063759 or Email:
mhvora@mahavirtube.com










Click Here